

દાનવીર શેઠ લલ્લુભાઈ રાયચંદ ઝવેરી,
અમદાવાદ જૈન શ્વે બોર્ડીંગના સ્થાપક

જન્મ-સંવત ૧૯૦૮ મૃત્યુ-સંવત ૧૯૭૧

The Lakshmi Art Byculla Bombay

પ્રભુ સુમતિ આપો પ્યારા, એ રાગ.

લલ્લુ રાયજીરે શેઠ ભલો ઉપકારી, દાનવીર રત્ન જયકારી.
ઓગણીશ ઇકોત્તર સાલેરે, જેઠ વદી ચોથ બુધવારે રે,
દેહ ત્યાગીરે ગયો અહીં શુભ ... જગ્યા તારી રહી અરે ખાલી. લલ્લુ. ૧
જૈન ગરીબ વર્ગ ઉદ્ધાર્યો રે, દીન લોકને તું બહુ પ્યારો રે,
શુભ કામો રે કરીને નામ દીપાવ્યુ, દેશ ગુર્જર નામ ગવાયુ. લલ્લુ. ૨
જૈન બોર્ડીંગ સ્થાપી મઝાની રે, કરી સહાય્યો રહી ના છાની રે;
ધન્ય જનની રે પુત્ર જણ્યો શુભકારી, વિત્ત વ્યય કરો હિતકારી. લલ્લુ. ૩
આત્મ ભોગ મઝાનો આપી રે, ગયો ઉજ્જવળ યશને સ્થાપી રે,
ધર્મ ભાતુ રે લેઈ ગયો તુ સાથે, દાન દેઇ ગરીબને હાથે. લલ્લુ. ૪
પામો પરભવમા શુભ શાન્તિ રે, પામો ધર્મ સેવા ગુણ કાન્તિ રે,
બુદ્ધિસાગર રે દા... ગુણ ગાવે, ગુણ રાગે ગુણો અંગ આવે. લલ્લુ. ૫

ૐ શાન્તિ.

દોહરા.

લલ્લુભાઇ રાયજી, દાનવીર દાતાર,
નામ અમર જગમા રહ્યું, ધન્ય ધન્ય અવતાર. ૧
ધન પામી ધન વ્યય કર્યો, ગરીબ જન આધાર,
જગમા જશ લેઈ ગયો, ધન્ય ધન્ય અવતાર ૨
ગરીબાઇ એજ ભોગવી, ભોગવી હે શેઠાઇ,
દયા દાનની વૃત્તિથી, કીધી વિશ્વ ભલાઈ. ૩
[1]પ્રેમચંદ [2]વીરચંદને, [3]હીરાચદને [4]લાલ,
[5]ધર્મચદ [6]નગીન તેમ, થયા કોળીયા કાળ. ૪
[7]ચમનભાઈ [8]દલપત અને, [9]મનસુખભાઇ ઉદાર,
જૈન કોમના શેઠીયા, ગયા કાર્ય કરનાર. ૫
નગર શેઠ [10]મણિભાઇનો, સાથી [11]લલ્લુ ઉદાર,
શાન્તિ પામો પરભવે, ધર્મ સદા સુખકાર. ૬
[12]જેશીંગભાઇ જગજયો, ગાનારામા એક,
બોલ્યુ તે પાળે સદા, એવી જેની ટેક. ૭
પરમાર્થી જન ઉદ્ભવો, તેવા જગમાં સાર,
બુદ્ધિસાગર ધર્મથી, હોવે જય જયકાર. ૮

---

૧ પ્રેમચદ રાયચંદ ૨ વીરચદ દીપચદ ૩ હીરાચદ મોતીચદ. ૪ લાલભાઈ દલપતભાઇ. ૫ ધર્મચદ ઉદયચદ ૬ નગીનદાસ કપુરચદ ૭ ચમનભાઇ નગીનદાસ ૮ દલપતભાઇ મગનલાલ ૯ મનસુખભાઈ ભગુભાઈ ૧૦ મણિભાઇ પ્રેમાભાઇ ૧૧ લલ્લુભાઈ રાયજી ૧૨ જેસીગભાઈ હઠીસંગ

બોર્ડીંગના સ્થાપક પરોપકારી દયાળુ શેઠ લલ્લુભાઈ રાયચંદનો સ્વર્ગવાસ.

Lives of great men still remind us,
We can make our lives sublime,
And departing, leave behind us,
Footprints on the sands of time
Footprints, that perhaps another,
Sailing O'er life's solemn main,
A forlorn shipwrecked brother,
Seeing shall take heart again.

(અંગ્રેજ કવિ)

ભાવાર્થઃ—સમગ્ર મહા પુરૂષોના જીવન આપણને સ્મરણ કરાવે છે કે આપણે આપણા જીવનને સુખમય કરી શકીએ અને આપણે આપણા મૃત્યુ પાછળ કાળની રેતી પર એવા પગલાં મુકી જઇએ, અર્થાત્ એવા દાખલાઓ રાખી જઇશુ કે તે જોઈ આ સસારરૂપી ગંભીર મહાસાગરના પ્રવાસે નીકળેલ, ત્યજાએલો અને ખરાબે અથડાએલ બધુ ફરીથી હિમત ધારણ કરશે

* * * *

ભવસરવર મોટુ તોય ક્યા હે નહિ છૂટે,
જળબુદ બુદ ઝાઝા ઉપજે સદ ફૂટે,
ઝબકિત ઝબકતા માણ્માહ્યે મળતા,
જન્મ મરણ યોગે વાય વાતે ટળતા.

જણાવતા અતિશય ખેદ ઉત્પન્ન થાય છે કે મહા પરોપકારી દયાળુ શેઠ લલ્લુભાઇ રાયચદ બે દિવસ સાધારણ તાવની માદગી ભોગવી તા. ૩૦–૬–૧૫ બુધવારના રોજ સવારના ૭ વાગતે ચડતે પહોરે પચત્વ પામ્યા છે. આથી તેમના કુટુબમા, સ્વજન સબંધીઓમા તેમજ શહેરમા ઘણી દીલગીરી પથરાઈ છે. બોર્ડીંગના વિદ્યાર્થીઓમા તેમના મરણની ખબર સાભળતા હાહાકાર ફેલાઇ રહ્યો હતો. તેમના મરણથી આપણી જૈન કોમને પણ એક અસાધારણ ફટકો લાગ્યો છે. તેમના શબને અગ્નિસંસ્કાર કરવા જતી વખતે ઘણુ લોક એકત્ર મળ્યુ હતું. બોર્ડીંગના વિદ્યાર્થીઓએ તેમનુ શબ ઉપાડ્યુ હતુ અને શરૂઆતથી તે છેક અગ્નિસસ્કાર કરવાના સ્થળ સુધી તેમનુ શબ ઉચકવામા ભાગ લીધો હતો.

જન્મ.

આ શેઠનો જન્મ સવત ૧૯૦૬ની સાલમા થયો હતો, અને તેમના પિતા શેઠ રાયચદ પાનાચદ તેમના જન્મ પછી લગભગ તેર વરસ એટલે વી. સવત ૧૯૧૯મા પોતાની સત્તાવન વરસની વયે ગુદસ્ત થયા હતા. આ વખતે શેઠ લલ્લુભાઇના બે મોટા ભાઈ શેઠ દલપતભાઈ અને શેઠ છગનભાઈ હયાત હતા. શેઠ છગનભાઈ વી. સંવત ૧૯૪૯ મા ગુજરી ગયા હતા..

જયારે પોતાના પિતા ગુજરી ગયા ત્યારે શેઠ લલ્લુભાઈ પોતાના મોટા ભાઇની દેખરેખ નીચે ઝવેરાતના ધંધાનુ શિક્ષણ લેતા ગયા. શેઠ લલુભાઇએ માત્ર થોડા ગુજરાતી ધોરણોનુજ શિક્ષણ નિશાળમા લીધુ હતું પરંતુ પોતાના ધધાને લગતું વિશેષ શિક્ષણ તો પોતે ઘેરજ સપાદન કર્યું હતુ. તેઓનુ પ્રથમ લગ્ન શા. કરમચદ મૂળચંદને ઘેર બાઇ નારગી સાથે તેમજ દ્વીતીય લગ્ન શા. કાળીદાસ બાજીને ઘેર બાઇ માણેક સાથે થયુ હતુ જે બન્ને હાલ હયાત છે. બાઈ માણેક તેમજ નારગીબા બન્ને ધર્મનિષ્ઠ છે. નારગીબા તપમાં વિશેષ પોતાની કાયા ગાળે છે અને તેમને તેમના સબંધીઓ **તપનું ઝાડ** કહે છે. શેઠશ્રીને ચદુલાલ, કેશવલાલ, અમૃતલાલ અને રતીલાલ નામે ચાર પુત્રો હતા. તેમા ભાઇ રતીલાલ હમણા થોડા વરસ થયા દેવલોક પામ્યા છે. આથી શેઠની બુજર્ગ અવસ્થામા તેમને એક કારીઘા વાગ્યો હતો. બાકીના ત્રણ પુત્રો હાલ હયાત છે. તેમના વડા પુત્ર ચદુલાલભાઇ કે જેઓ આપણી અત્રે કોન્ફરન્સ ભરાઈ તે વખતે તેઓ વૉલન્ટીયર સુપ્રિન્ટેન્ડેન્ટ હતા અને તે પ્રસગ દરમીયાન તેમની કોન્ફરન્સની બજાવેલી સેવા સ્તુત્ય હતી.

વેપાર.

ધધાની ખાનગી તાલીમ લેઇને તેમણે ધીમે ધીમે વેપાર કરવો શરૂ કર્યો અને રફતે રફતે તેઓ શેર દલાલીના ધધામા જોડાયા. ત્યાર બાદ તેમણે ધી અમદાવાદ ન્યુ સ્પીનીંગ એન્ડ મેન્યુફેકચરીગ મીલ ઉભી કરી સવત ૧૯૫૬ ની સાલમા ભયકર દુષ્કાળના પ્રસગે આ મીલને તરતી રાખવાને ઘણોજ જાત મહેનતનો ભોગ આપવો પડયો હતો. ત્યાર બાદ સંવત ૧૯૫૮મા તેમણે વેપારોત્તેજક સ્પીનીંગ મીલ રાખી અને તેને સુસ્થિતિમા લાવવાને પણ તેમણે ઘણો પ્રયાસ સેવ્યો હતો ત્યાર બાદ તેમણે **ધી હરિપુર સ્પિનીંગ મીલ** ખોલી. આવી રીતે એક વખતે પોતે ત્રણ મીલના એજંટ હતા. પોતાના પિતાએ ફક્ત રૂા. ૨૫૦૦૦ની મીલકત મુકી હતી તેમા વધારો કરી સ્વબાહુબળે અને વેપાર બુદ્ધિની કુશાગ્રતાને લેઇને તેઓએ આટલી ઉન્નતસ્થિતિ સપાદન કરી હતી. પોતાના બુદ્ધિબળ, ચાતુર્ય અને વેપારી કુનેહથી તેઓ જેમ જેમ દ્રવ્ય સપાદન કરતા ગયા તેમ તેમ વેપાર વિશેષ ને વિશેષ ખેડતા ગયા. તે સમયે પ્રવૃતિ તેજ તેમનુ કેન્દ્રસ્થાન હતુ. પરતુ પ્રારબ્ધ યોગે જેમ ઉચે સ્થળેથી માણુસ ગરબડે તો છેક તળીએ આવે છે તેવી રીતે શેઠની જ્યારે પુર જાહોજલાલીના સૂર્યનો મધ્યાહ્ન કાળ હતો તેજ વખતે જેમ સૂર્ય પ્રકાશિત હોય અને એકદમ વાદળાના યોગે તેનો પ્રકાશ ઘેરાય તેવીજ રીતે **કર્મની થીયરી મુજબ** દુર્ભાગ્યની દેવીએ એકાએક તેમને દેખાવ દીધો અને તેમની સ્થિતિમા એકાએક અવનવો હૃદયભેદક હતો નહિ હતો જેવો ફેરફાર થઈ ગયો, જેના પરિણામે તેમને તથા તેમના કુટુબને અવૃદશાને ભોગ થવુ પડયુ. ખરેખરઃ—

> કર્મિ કો નવી છુટિયા, ઇન્દ્ર ચદ્ર નરદેવ,
> રાય રાણા મડળીક વળી, અવર નર કુણ હેવ.

આહાહા !!! શી કર્મની વિચિત્ર ગતિ છે. કર્મના મહાન્ નિયમથી કોણ મુક્ત થયુ છે ! મહા મહા પુરૂષોની વિભૂતિ એક ક્ષણમા હતી નહતીના સહસ્ત્ર દાખલાઓ આપણે ઐતિહાસિક દૃષ્ટિએ અનુભવીએ છીએ તો પછી અન્ય મનુષ્યની તો વિશાતજ શી ! તેઓને જેટલી વેપાર વધારવાની તિવેચ્છા હતી, તેટલીજ તેમને કમાયલા પૈસાનો સદુપયોગ કરવાની ઇચ્છા હતી અર્થાત્ તેમની કમાણીમા સ્વાર્થ અને પરમાર્થ ઉભય અંતર્ભુત હતાં તે તેમના

કરેલા પરોપકારનાં કાર્યો દયાના કામો તેના પ્રતિનિધિ તરિકે શાક્ષી પુરે છે અને શેઠશ્રીને માટે જો પબ્લીકનુ દીલ વધારે આકર્ષાયુ હોય તો તે તેમના દાનવીરતાના પ્રશસ્ય ગુણુને લેઈનેજ હતું. કેવળ તે તેમની પરમાર્થ પરાયણુતાનેજ આભારી હતું.

દયા. શેઠ લલ્લુભાઇના દિલમા દયા દેવીએ ઘણોજ તીવ્ર રીતે સચાર કર્યો હતો. કોઈ પણુ ગરીબને જોઇ તેમનુ હૃદય સદા દયાથી દ્રવતું અને ઘણી વખત દયાની તીવ્ર લાગણીઓ પ્રગટ રૂપે દેખાઈ પણુ આવતી. તેમની સારી સ્થિતિ વખતે દર રવિવારે 'કંગાલો—ગરીબોને પોતાના ઘર આગળ અન્નદાન આપતા, વખતે વસ્ત્રો પણુ આપતા હતા અને આવી રીતે કેટલાક નિરાધાર દુઃખી આદમીની આતરડી ઠારતા હતા. એક વખત તેમના દીકરા રતિભાઇના લગ્નના અરસામા રવિવારના દિવસે તેમણે રતિભાઇની માતુશ્રીને કહ્યુ કે "તારે' રતિભાઇના લગ્ન વખતે મારા ભાઇબિધોને પહેલા જમાડવા પડશે' ત્યારે રતિભાઇની માતુશ્રીએ કહ્યુ કે એ વાત તો ખરી પણુ તમારા ભાઇબંધો કોણુ કોણુ તે તો કહો' ત્યારે તેમણે પોતાના મકાન આગળ જે ગરીબો એકઠા થયા હતા તે તરફ આગળી કરી કહ્યુ કે આ પૂર્વ ભવે મારા ભાઇબિધો હતા." આહાહા''' શી દયાની લાગણી' શી દયાની તીવ્રતા' પ્રસંગવશાત તેઓ ગરીબો ઉપર દયાનો વરસાદ વરસાવતા હતા. જે વખતે અત્રે માધવપુરામા રેલ આવી તે વખતે ઘણી હોનારત થઈ હતી. ઘણા લોકોના ઘરો તેથી પડી ગયા હતા રેલના પુરજોશમાથી તેઓએ લગભગ ત્રીશેક માણુસની તો જીદગી બચાવરાવી હતી. જાતે તેટલા પુર વખતે પણુ ઉભા રહ્યા હતા. જે લોકના મકાનો પડી ગયા હતા તેમના પાછા પૂર્વની સ્થિતિમાં તૈયાર કરવાને માટે તેમણે લોન ઉભી કરી હતી, તેમા કેટલાક શૅરો પોતે ભર્યા હતો અને તે લોનના સેક્રેટરી પણુ પોતે હતા.

છપ્પનના ભયંકર દુષ્કાળના પ્રસગે પણુ તેઓએ ઘણું ગરીબોને અન્નદાન આપી સહાય કરી હતી, તેમણે ગરીબોના આશ્રયભૂત અમુક અમુક સસ્થાઓ પણુ ખોલાવી હતી, જેનુ વિવેચન આગળ ઉપર સસ્થાઓના પ્રકરણુમા આપીશુ. તેમના જીવનના કાર્યક્રમ ઉપરથી આપણુને માલુમ પડે છે કે તેઓ દયાના ચુસ્ત હિમાયતી હતા. પામરો પ્રત્યે તેમનુ દ્વાર ખુલ્લુ હતુ. તેમનુ અતઃકરણુ હમેશા તેમની દલીલો સાભળવા તૈયાર રહેતુ આથી ઘણા સખસો તેમને **ગરીબોના બેલી** એ નામથી ઓળખતા.

ખરેખર જે મનુષ્ય આ દુનિયામા જન્મ લેઈ દયા નથી કરતો તે ઐહિક જીંદગીનું પોતાનુ સાર્થક ગુમાવે છે અને પરિણુામે દુઃખના ભોક્તા બને છે. ખરેખર આ શેઠમા દયાનો અંશ ઘણો હતો. તેઓએ પોતાની સાનુકૂળ સ્થિતિ વખતે ઘણા ગરીબ ગુરબાની તેમજ આશ્રિતોની બળતી આતરડીઓ ઠારી છે. તે આદર્શની પેઠે પ્રગટ છે અને આ સ્થળે કહેવું એ અવાસ્તવિક નહિ ગણી શકાય કે પોતાની જઇફ અવસ્થા વખતે તેઓના ઉપર ભયકર આવેલું દુઃખનુ વાદળ ગરીબોના આશીર્વાદરૂપી પુણ્યના પ્રહારથીજ દુર થયું છે.

અને તે ખરૂજ છે કેઃ—

તુલસી હાય ગરીબકી, કબુ ન ખાલી જાય,
મુવા ઢોરકે ચામસે, લુહા ભસ્મ હો જાય

જો આ શેઠની એકની એક સ્થિતિ ચાલુ રહી હોત તો તેઓ ઘણા ગરીબ કુટુબોને આશ્રયદાતા થઈ શકત અને તેમને આશીર્વાદ રૂપ થાત, પરંતુ ભારતના દુર્ભાગ્યે તેના સંતાનોનું પણ ક્યાથી સદ્‌ભાગ્ય હોઇ શકે.

લોકપ્રિયતા.

તેમનામાં લોકપ્રિયતાનો વિશેષ ગુણ ખીલેલો જોવામા આવતો. શહેરના શહેરીઓ તેમજ તેમના સગા સ્વજન સહોદર બધુવર્ગનો તેમના પ્રત્યે ઘણોજ સારો ચાહ હતો. અમદાવાદ શહેરની મ્યુનિસિપાલીટીના કમિશનર તરીકે તેઓએ ત્રણ વર્ષ સુધી કામ કર્યું હતું અને તેટલા વખતમા પણ તેમણે લોક સેવા સારા પ્રમાણુમા બજાવી હતી. કેટલીક જ્ઞાતિક સભાઓના તેઓ મેમ્બર હતા તેમજ ઘણી પરિષદોનુ–મીટીંગોનુ તેમને અધ્યક્ષ પદ લીધુ હતું. કેટલીક સાર્વજનિક સભાઓમા પણ તેઓ અગ્રગણ્ય તરીકે ભાગ લેતા. આજ તેમની લોકપ્રિયતા જણાવી આપવાને બસ થશે. કોઇ પ્રસગ વખતે પોતાને ત્યાથી સરસામાન લેવા આવે તેને તેઓ આપતા અને વખતે જાહેર હિતના કે કોમના કે સમાજના હિતના અર્થે પૈસાની જરૂર પડે તો તેને તેઓ ઉમગથી આપતા. જે કોઈ યાચના કરવા જતું તેને પોતાને આગણેથી આશા નિરાશા કરી કદિ જવા દેતા નહિ. પોતે પોતાની શક્તિ અનુસાર તેને મદદ કરતા. અત્રેના વતનીઓમા કેટલાક ગરીબ કુટુબના વિદ્યાર્થીઓને પોતે સ્કોલરશીપ આપતા હતા. તેમજ કેટલાક બીનધંધાદારીઓને ઠેકાણે પાડવામા પોતાની યથા શક્તિ મદદ કરતા. આવી રીતે તેમનામા પબ્લીકનુ ભલુ કરવા સદા હિત વિચારો તેમના હૃદય પ્રદેશમા વહ્યા કરતા હતા, અને દરેક બંધુઓ તેમને પ્રેમની દૃષ્ટિએ નિહાળતા હતા. વળી પોતે પોતાના કુટુંબીઓ પ્રત્યે પણ અત્યંત પ્રેમ ધરાવતા હતા. કુટુબમા સર્વેની સારસંભાળ લેતા હતા. તેમને સારે દરજ્જે ચઢાવવાની ઘણી ઉત્કંઠા ધરાવતા હતા. તેમ સર્વેને વખતો વખત અણીને પ્રસગે મદદ પણ કરતા હતા. આવી રીતે તેમનો કુટુબ પ્રેમ પણ વિસ્તૃતપણાને પામ્યો હતો, તેમજ લોકપ્રિયતા પણ ઘણીજ વિસ્તૃત થઈ હતી. કોઈ પોતાને ઘેર કોઈ કાર્ય પ્રસંગે બોલાવવા આવે તો તરત તેઓ જતા અને પોતાની શક્તિ અનુસાર આશ્રિતનું યા સંબધીનું કામ બજાવતા હતા. **જેનો હાથ ઝાલતા તેને પાર ઉતારતા** અર્થાત્ જેને પોતાનો કહ્યો તેને છેવટ સુધી પોતાનો ગણુતા અને તેના સુખ દુઃખે ભાગ લેતા. આ તેમનો એક ઘણા ઉચ્ચ પ્રકારનો ગુણ હતો. અત્રે શહેરમા એક ખુણે ખોચરે પણ તેમનુ નામ ભાગ્યેજ કોઇથી અજાણ હશે, એટલુજ નહિ પણ સમસ્ત જૈન આલમમા તો અત્રે **શ્રી જૈનશ્વેતાંબર બોર્ડીંગ** ખોલાવ્યાને લીધે દરેક જૈન બધુઓના દીલમાં તેમનુ નામ સુવર્ણાક્ષરે કોતરાયલુ રહેશે. જૈન બંધુઓમા તેમનુ નામ સુવિખ્યાત છે એટલુજ નહિ પરતુ જૈનેતરોમા પણ તેમનુ નામ ઘણુ મશહુર છે. આવા એક લોકપ્રિયના મરણુ માટે કોને દીલગીરીના આસુ નહિ આવતા હોય ' તેઓના મરણની ખબર સાભળી ઘણા તેમના સ્નેહી સંબધી તથા કોમના હિતસ્વીઓ તરફથી દીલગીરી અને દીલસોજીદર્શક પત્રો આવ્યા હતા જેમાનો એકાદ હુ અત્રે ટાકુ છુ '

પત્ર.

મુબઈ ૩–૭–૧૫.

અમદાવાદ મધે ભાઈ ચંદુલાલ લલ્લુભાઈ વિગેરે. મુબઇથી લી. ચીમનલાલ હરીલાલની સલામ વાચશો. જત તમારો પત્ર આવ્યો તે પરથી તમારા પિતા ગુજરી ગયાની ખબર જાણી

ઘણીજ દીલગીરી થઈ છે તમને ખાધાને તો એમની ખોટ ઘણીજ પડશે પણ અમને બી એમની ખોટ પુરાવાની નથી. કેટલા વરસનો એમનો સબંધ હતો. શુ કરીયે ! પ્રભુની ઇચ્છાને આધીન થયા વગર ઈલાજ નથી. હવે તો તમો બધા ભાઈઓ સંપીને ચાલીને ઘરની આબરૂ બરોબર સાચવશો અને અમારી સાથેનો તમારા પિતાનો સબધ ચાલુ રાખશો. કામકાજ લખશો.

ઓનરેબલ રા. રા. ચીમનલાલ હરિલાલ સેતલવાડના ઉપરના પત્ર ઉપરથી આપણને સહેજ જણાય છે કે તેઓ સબધીઓ પ્રતિ કેવો ઉચ્ચ પ્રતિનો પ્રેમ રાખતા અને તેમના ઉપર સબધી વર્ગનો પણ કેટલો ઉચ્ચ પક્તિનો ચાહ હતો. તેઓ સ્નેહી સબધીઓને પ્રસગવશાત્ કેટલા ઉપયોગી થતા તે પણ આપણને તે પત્ર ઉપરથી ખ્યાલ આવે છે તેમ કેવા પ્રતિના સદ્ગૃહસ્થો સાથે તેમનો પરિચય હતો તે પણ જાણવાનુ આપણને મળે છે. ખરેખર **'ગુણથી ગુણ ભળતા જગતમાં સ્હેજ સ્વભાવે જઇ ભળે'** જેમ લોહચુંબક લોહને ખેચે તેમ તેમના ઉદાત્ત ગુણોને લેઇને તેઓને ઉચ્ચ કોમના મનુષ્યો સાથે સબંધ બંધાયો હતો તેમ તેમના માટે જે લોકલાગણી હતી તે તેમના હૃદયની ઉચ્ચ ભૂમિકામા રહેલા સદ્ગુણોનુ તેમા આધિપત્યપણાનુ આપણને ભાન કરાવે છે

સાદાઇ.

શેઠ લલ્લુભાઇના ગુણોમા તેમનામા સાદાઇનો ગુણ પ્રશસ્ય અને અનુપમ હતો. તેઓ કેવળ નિરાભિમાની તેમજ દાંભિક પ્રકૃતિથી ભિન્ન હતા.–મોટા નાનાનો ભેદ ગણ્યા વિના સર્વ કોઇની સાથે પોતે સલુકાઇથી વર્તતા, તેમનો પોશાક પણ કેવળ સાદો હતો પ્રાએ કરી તેમનુ અતકરણ કુડ પ્રપચ વિનાનુ હતું અર્થાત્ ભોળુ હતુ આથી કેટલાક પ્રપચી માણસો તેમની પાસેથી પોતાનુ કામ કાઢી લેવાને કેટલીક વખત ફાવી જતા હતા. તેઓ ખુલ્લા હૃદયના (Frank hearted) હતા. સર્વની સાથે સાદાઇનો ગુણ હોવાથી ભળી જતા. દાંભિક અને માની પ્રકૃતિના અભાવે તેઓને ઘણા ગરીબોનુ દુખ પીછાનવાનો લાગ મળતો અને તેથીજ તેમનુ હૃદય દયો-મય બન્યુ હતુ. ખરેખર તેમના અતકરણમા દયા–જળનો જો કોઈ પણ પ્રવાહ નિરકુશ-પણે રેડનાર હોય તો તે કેવળ તેમના વર્તનની સાદાઈજ હતી. મહાન્ ગ્લેડસ્ટનના ચારિત્ર્ય ઉપરથી આપણે જોઇશુ તો આપણને માલમ પડશે કે તે પોતાના બુટ લેવા પણ બજારમા જાતેજ જતો હતો. આ વાચી કોઇને અચબો લાગશે પરતુ મહાન ગ્લેડસ્ટન જે ઉદ્દેશથી પોતે જતો તેજ ઉદ્દેશ તેને મહાન કહેવડાવવાને પુરતો છે. કારણ કે તેમ કરવાથી તે જાણતો હતો કે ધધાની ખુબી, લોકની સ્થિતિનુ તેથી જ્ઞાન થાય છે અને પૈસાનો ઉપયોગ પણ તેથી ઘણો સારી રીતે થઇ શકે છે. આ ઉપરથી આપણને સ્પષ્ટ સમજાય છે કે જો શ્રીમ-તોમા સાદાઈનો ગુણ જેમ વિશેષ હોય છે તેમ તે જનસમાજનુ ઘણુ કલ્યાણુ કરી શકે છે એ નિર્વિવાદ અને નિ:શક છે.

હિંમત અને સ્વાશ્રય.

શેઠ લલ્લુભાઈ જેવા પોતે વેપારમા કુશાગ્ર બુદ્ધિવાળા, સાહસિક, દયાળુ અને પરોપ-કારી હતા તેવાજ પોતે હિમત બહાદુર પણ કહેવાતા. તેમની જીદ-ગીમા તેમના કરેલા હિમતના કામો જોતા કોઈ પણ કહી શકશે કે તેઓ ખરેખર હિમત બહાદુર હતા. **'હિંમતે મર્દા મદદે ખુદા'** આ ઉદાત્ત સૂત્ર તેમના અતઃકરણમા સદાને માટેજ કોતરાઇ રહેલું દૃષ્ટિભૂત થતુ. કોઈ પણ મુસ્કેલી કે દુ:ખના પ્રસગે તેમની ધીરજ તેમ શાતિનો ભંગ થયો નથી. તેમની જગાએ જો બીજો માણસ હોત તો તેમણે જે જે દુ:ખદાયક પ્રસગો પોતાની

સ્થિતિમાં ભોગવવા પડ્યા છે તે ભાગ્યેજ ભોગવી શકત ! તેઓને પોતાની હોશીયારી, પોતાની વેપારી કુનેહતા ઉપર અને સતત્ ઉદ્યોગ તેમજ આત્મબળ ઉપર પરિપૂર્ણ વિશ્વાસ હતો. તેમના છેવટના દુઃખના વાદળ પ્રસગે અમુક અમુક શ્રેષ્ટી વર્યો તરફથી તેમને મદદ આપવાને ખાનગી રીતે પૂછાવવામા આવેલુ તેનો મને અનુભવ છે. ત્યારે તેઓએ જણાવેલુ કે જ્યા સુધી મારા હાથ પગ ચાલે છે અને હુ વેપાર ઉદ્યોગ કરી શકુ તેમ છુ ત્યા સુધી હુ યાચક વૃત્તિને શરણ થવા ઇચ્છતો નથી. દીલાસો આપનારનો તેઓએ પૂર્ણ ઉપકાર માન્યો હતો તે સાથે તેઓ કેટલા હિંમતવાન છે અને વેપારી કુનેહતા ઉપર તથા ઉદ્યમ પર પોતાને કેટલો વિશ્વાસ હતો તે પણ બતાવી આપ્યુ હતુ. ખરેખર.—

મરે ભુખે ભાવે મૃગપતિ કદિ ના તૃણ ચરે,
તપે તાપે તોએ સુખડ ના સુગધિ પરહરે.

જેઓને પોતાના આત્મબળ ઉપર વિશ્વાસ છે, જેઓ સતત્ ઉદ્યોગી છે અને જેઓનુ જીવન આળસ પ્રમાદથી રહિત છે તેઓ કદી યાચક વૃત્તિને સ્થાન આપતા નથી એ નિર્વિવાદ અને નિઃશંક છે. અને તે શેઠ લલ્લુભાઇના દાખલાથી વધુ પુરવાર થઈ શકે છે. **ઉદ્યમ કરવો અને રળવું** તેજ તેમની જીદગીનો મુદ્રાલેખ હતો. આ ઉપરથી આપણને સ્વાશ્રય અને હિંમતનો ગુણ તેમના જીવનચરિત્ર ઉપરથી મેળવવાનો દાખલો મળે છે. શેઠ લલ્લુભાઈ જેઓ સામાન્ય સ્થિતિમાથી મોટી સ્થિતિ પ્રાપ્ત કરી શકયા હતા તે કેવળ તેમની હિમ્મત અને સ્વાશ્રયનેજ આભારી હતું. જેઓ પોતાના આત્મિકબળ ઉપર ઘુજે છે, જેઓ સતત ઉદ્યોગી છે તેઓજ સ્વાશ્રયી છે અને હિંમતબહાદુર પણ તેઓજ થઇ શકે છે.

આચાર્ય બુદ્ધિસાગરસૂરિ અને શેઠ લલ્લુભાઇ.

શેઠ લલ્લુભાઇનુ આચાર્ય બુદ્ધિસાગરજી સૂરિજીના સબધમા આવવુ થયુ હતું. આચાર્ય બુદ્ધિસાગરજીની વૈરાગ્ય દશા જોઇ તેમને તેમના પર અતુલ શ્રદ્ધા થઈ હતી. આચાર્ય બુદ્ધિસાગર સૂરિજીના સદ્ઉપદેશથી તેઓએ **શ્રી જૈન શ્વેતાંબર બોર્ડીંગ** સ્થાપી હતી ગુરૂ શ્રી બુદ્ધિસાગરજીસૂરિ પ્રત્યે તેમનો જેવો પૂજ્ય ભાવ હતો તેવીજ સૂરિજીની પણ તેમના પર ઉત્કૃષ્ટ ધર્મ ભાવના હતી. જ્યારે જ્યારે તેઓ સૂરિજીના દર્શનાર્થે જતા ત્યારે ત્યારે તેઓ સૂરિજી પાસે આત્મજ્ઞાનના ભજનો કહેવડાવતા. તેમને તેઓના ઉપદેશથી આત્મજ્ઞાનના બોધની ઝાખી થઈ હતી. જે તેમના દુઃખના પ્રસગે તેમને દિલાસાભુત અને સહાનુભુત થઈ હતી. તેઓમાં દયાનો અશ મૂળથી હતો પરતુ આત્મધર્મ માર્ગથી તેઓ પરાઙ્મુખ હતા. તેની પૂર્તિ સૂરિજીના ઉપદેશથી તેમનામા થઇ હતી, અને પાછલી અવસ્થા તેઓએ અપાર દુઃખના વાદળમા ગ્રસ્ત હોવા છતા પણ સહેજ આત્મજ્ઞાનની ગુરૂપસાયે ઓળખ થવાથી સમાધિમા પસાર કરી હતી અને એ પણ વાસ્તવિક છે કે—**આત્મિક ધ્યાન એ દૈવી માર્ગ છે. પૃથ્વીપરથી સ્વર્ગ લોકમાં, અશુભમાંથી શુભમાં અને દુખમાંથી સુખમાં તથા અશાંતિમાંથી શાંતિમાં લેઇ જનારી તે એક ગુપ્ત નીસરણી છે.** 'સત્ સગત અતિ શ્રેષ્ઠ શિરોમણિ લોહુ કંચન થાયે.' પારસમણિના સ્પર્શે લોહ જેમ સુવર્ણતાને પામે છે તેમ સત્પુરૂષોના સગથી મનુષ્ય ઉન્નતિના શિખરે મુકાય છે, તેનો આ તાજો દાખલો છે. કર્મ વીરતાના પ્રકરણથી આપણને માલુમ પડશે કે શેઠ લલ્લુભાઇ એવા તો પ્રવૃત્તિના કીડા હતા કે જેમને આત્મ ધર્મ માર્ગ શુ છે તેનો સ્વપ્ને પણ ખ્યાલ નહોતો, તેમને આત્મજ્ઞાન

ઉપર આવી રીતની શ્રદ્ધા થવી એજ આપણને સત્સંગની પ્રાસાદી સૂચવે છે. જ્યારે જ્યારે તેઓ બોર્ડીંગમા આવતા ત્યારે ત્યારે પણ તેઓ આત્મજ્ઞાનના ભજનો વિદ્યાર્થીઓ પાસે બોલાવતા. આ મુજબ તેમને ભજનોની ધુન લાગેલી હતી. ઘેર પણ નવરા પડતાં પોતે તેના વાચનનુ પરિશીલન કરતા. આ મુજબ તેમને પૂજ્ય ગુરૂશ્રીના પ્રતાપે આત્મજ્ઞાનનો અંશ પ્રગટયો હતો. કેટલીક વખત શેઠશ્રીના દુઃખના પ્રસગે સૂરિજી પત્રદ્વારા તેમને દિલાસા-ભુત ને ખરા માર્ગનુ ભાન થવા તેમજ કંઇક ઉપાધીમાથી મન દૂર થઈ સન્માર્ગે વળે તેવા હેતુથી ઉપદેશ આપતા. તેમના ઉપદેશસૂચક જે એકાદ પત્ર તેમની માદગીના પ્રસંગનો મને મળ્યો છે તે આ સ્થળે હુ ટાકુ છુ.

પત્ર.

૧૯૭૧ ચૈત્ર સુદિ ૧૨ મુ. ભોયણી. લિ. મુનિ બુદ્ધિસાગર.

શ્રી અમદાવાદ મધ્યે શ્રદ્ધાવંત દયાવંત દેવગુરૂ ભક્તિકારક સુશ્રાવક શેઠ લલ્લુભાઇ રાયજી યોગ્ય ધર્મલાભ. વિ માસ્તર શકરલાલ ડાહ્યાભાઇના પત્રથી તમારી માદગી જાણી છે. કર્મનાયોગે જીવને સુખ દુખ ભોગવવા પડે છે તેમાથી કોઇનો છુટકબારો થતો નથી. આ વિશ્વમાં તીર્થંકર મહારાજા ષટ્ખંડાધિ ચક્રવર્તિ જેવા પણ આયુષ્યાન્તે શરીરનો ત્યાગ કરી પરભવમાં ગયા તો અન્ય પ્રાણીનો શો ભાર. તન ધન અને સત્તાનું ઐશ્વર્ય પામી આ જગતમા અભિમાન કરવા જેવુ છેજ નહિ. આ વિશ્વમા સુખ અને દુખના ચક્રમાથી કોઇ મુક્ત થતુ નથી. સસારમા જન્મીને કાંઈ પણ ધાર્મિક કાર્યો કરી લેવા અને આત્માની શુદ્ધિ કરવી તેજ સાર છે. મરણ વખતે શરીર પણ પોતાનું થતું નથી. સગાવ્હાલા દૂર રહે છે અને જેવાં કર્મ કર્યા હોય તેવા ભોગવવા પડે છે એવુ હૃદયમા પૂર્ણ જાણ્યા છતા પણ જીવ જો નહિ ચેતી શકે તો તેનુ ફળ તેને ભોગવવુ પડશે. નામ અને રૂપના પ્રપચમા ફસાઇને પોતાનુ શુદ્ધ સ્વરૂપ ભૂલી જવાથી અનેક જન્મ જરા મરણની વ્યથા ભોગવવી પડે અને તેથી આત્મશાન્તિનો અનુભવ આવતો નથી. એટલા માટે શરીર મન અને વાણીથી પોતાના આત્માને ભિન્ન ધારવો અને તેમા લક્ષ્ય ધારણ કરવુ કે જેથી પરભાવ રમણતાનુ અશે અશે ઉચ્છેદ થવાથી આત્મશાન્તિ અનુભવી શકાય. મનુષ્યભવનો એક ક્ષણ માત્ર પણ દુર્લભ છે. ગએલો ક્ષણ કદી પાછો આવતો નથી. શ્રીવીર ભગવાને ગૌતમ સ્વામીને કહ્યું હતું કે હે ગૌતમ ! એક ક્ષણ માત્ર પણ તુ પ્રમાદ કરીશ નહિ. પ્રમાદથકી આત્માનુ હિત થયુ નથી, થતું નથી અને થશે પણ નહિ. જે આયુષ્ય ગયુ તે તો હવે પાછુ આવનાર નથી પણ જે આયુષ્ય બાકી રહ્યું છે તેટલામા જો આત્માનુ હિત કરવામા આવે તો ઘણા કર્મનો ક્ષય કરી શકાય એમ અન્તરમા તેનો ઉપયોગ ધારણ કરીને ધર્મ કરણીમા પ્રવૃત્ત થવાની જરૂર સ્વીકારવી જોઈએ. ગરીબોના દુઃખ ટાળવા, અનાથ, અધ, લુલા, પાગળાને સહાય આપવી, ગરીબ જૈનોને સહાય આપવી, સાધુ સઘની સેવા કરવી ઇત્યાદિ શુભ કાર્યોમા જે આત્મભોગ આપ્યો છે તેનુ ફળ પરભવમા મળ્યા વિના રહેનાર નથી. જેવું વાવવામા આવે છે તેવુ લણવામા આવે છે. જેવુ કરવામા આવે છે તેવુ ભોગવવામા આવે છે. ધર્મ કાર્યોના પ્રભાવે અનેક વિઘ્નો અનેક વિપત્તિઓ મસ્તક ઉપર ઝઝુમી રહેલી હોય છે તે ટળી જાય છે. ધર્મ કંઇ બોલતો નથી પણ તેનો પ્રતાપ ખરેખર અનુભવમા આવ્યા વિના રહેતો નથી. બાહ્ય વસ્તુઓની ચિન્તાઓ કરીને કદી દીન બનવુ નહિ. જે થવાનુ હોય તે થયા કરે છે.

કોઈનું ચિંતવ્યું કંઇ ખપમા આવતું નથી. વિકલ્પ સંકલ્પ કર્યાથી કર્મ બંધાય છે માટે મહાપુરૂષોના ચરિત્રોનુ સ્મરણ કરીને પોતાના આત્માની શુદ્ધિ કરવી તેજ તમારૂ ખરેખરૂ કર્તવ્ય છે. જાણુતા છતા પણ જે ભૂલ થાય છે તેના જેવી બીજી કોઇ મોટી ભૂલ નથી. સંપત્તિ અવસ્થામા કાંઇ પણ અન્ય મનુષ્યોને આપવું ને સત્તાવસ્થામા અન્ય જીવોને ક્ષમા કરવી અને વૃદ્ધાવસ્થામા ધર્મ ધ્યાનમા પ્રવૃત્ત થવું એજ ખરેખરૂ કર્તવ્ય છે. આત્માના ગુણોની વૃદ્ધિ થાય એવા ઉપાયો લેવા જોઇએ અને મોહમાયાનુ જોર ઘટે તેવી પ્રવૃત્તિ કરવી જોઇએ. વિશ્વના વ્યવહારમા રચ્યાપચ્યા રહેવુ તેટલાથીજ મનુષ્ય જન્મની સફળતા નથી. આત્માની અશુદ્ધ પરિણતિને વારીને શુદ્ધ પરિણતિમા રમણતા કરવી એજ મનુષ્ય ભવની ખાસ કમાણી છે. એ કમાણીને જેટલા અંશે મનુષ્ય પ્રાપ્ત કરે છે તેટલા અંશે ધન્યવાદ ઘટે છે. આત્માના ગુણોની લ્હે લાગ્યા વિના મોહ પરિણતિનો નાશ થવાનો નથી તે માટે શાસ્ત્રકારોએ દેવ–ગુરૂ અને ધર્મનુ અવલંબન કરીને આત્માના ગુણો પ્રકટાવવાને માટે શાસ્ત્રોમા અનેક પ્રકારે ઉપદેશ કર્યો છે. આત્માના સત્યથી કદી વંચિત થવુ નહિ. સત્યનો અવાજ કદી દાબી દેવો નહિ. સત્ય છે તે પરમ ધર્મ છે તેનાથી વિમુખ થતા ધર્મથી ભ્રષ્ટ થવાય છે. દુનિયાદારીની રીતિમા પ્રવર્તતા છતા મનુષ્યોએ કદી સત્યથી દૂર રહેવુ નહિ. જે મનુષ્યના હૃદયમા સત્ય છે તે મનુષ્ય અન્તે આ વિશ્વમા વિજય પામ્યા વિના રહેતો નથી. આ વિશ્વમા 'ધર્મીના ઘેર ધાડ અને પાપીના ઘેર કુશળ' જેવુ દેખવામા આવે તેથી ધર્મ માર્ગથી ચલિત થવુ નહિ. પરભવમા જેણે પાપાનુબંધી પુણ્ય કરેલુ હોય છે તે આ ભવમા લક્ષ્મી, સત્તા વગેરેને પ્રાપ્ત કરી શકે છે પણ તેની લક્ષ્મી અને સત્તાનો સત્કાર્યોમા વ્યય નહિ થતા પાપ કાર્યોમા વ્યય થાય છે તેથી તે અંતે નીચ ગતિને પ્રાપ્ત કરે છે. જેના હૃદયમા ધર્મના સત્ય સિદ્ધાંતો ઠસ્યા છે અને તેથી જેનુ આન્તર ચારિત્ર સત્યમય બનેલુ છે તેવો મનુષ્ય અનેક વિપત્તિઓ, અનેક ઉપસર્ગો અને અનેક વિઘ્નો વેઠીને ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરી શકે છે. તે જગતના શુભાશુભ ભાવમા મુઝાતો નથી. આત્માને સાક્ષીભૂત રાખીને તે જગતમા વર્તે છે અને સત્ય ચારિત્રથી જગતમા અન્ય મનુષ્યોને ઉચ્ચ બનાવવામા આદર્શભૂત થાય છે. આત્મામા ધર્મના સિદ્ધાન્તો ઠસ્યા વિના ધર્મ માર્ગની રૂચી થતી નથી. વિશ્વમા અનંતકાળથી પરિભ્રમણ કરતા દશ દ્રષ્ટાન્તે દુર્લભ એવો મનુષ્ય જન્મ કોઈ વખત મળે છે માટે તેવો ઉત્તમ મનુષ્ય જન્મ પામીને આ ભવમા ધર્મની સાધના કરવામા સદા અપ્રમત્ત રહેશો. પરભવમા ધર્મ સાથે આવનાર છે પરભવમા ધર્મનુ ભાતું આત્માને સુખ આપી શકશે, અને દેવગુરૂ ધર્મની જોગવાઈ કરાવી આપશે. રોગાદિક પ્રસંગે સજ્ઝાયો વગેરે સાભળવામા ચિત્ત રાખવુ અને ધર્મની વાતો સાભળવામા વિકથા વગેરેનો ત્યાગ કરવો. કોઈ જાતની ચિંતા કરશો નહિ. ધર્મપસાયે સારૂં થશે. જ્ઞાન–દર્શન ચારિત્રની આરાધનામા યથાશક્તિ પ્રવૃત્તિ કરવી અને પોતાની ચારે બાજુએ ધર્મના સદ્વિચારોનુ વાતાવરણ રહે એવી વ્યવસ્થા કરવી કે જેથી પ્રમાદ પ્રસંગે પણ ધર્મ તત્વની વિસ્મૃતિ થાય નહિ. વિ. શુ લખુ ? ધર્મ સાધનમા વિશેષતઃ પ્રવૃત્તિ કરશો એજ હિત શિક્ષા છે. ધર્મ સાધન કરશો.

ॐ शान्तिः शान्तिः शान्तिः ।

શેઠ લલ્લુભાઇ રાયજીયોગ્ય ધર્મ લાભ.

કવ્વાલિ.

કરી શરણું જીનેશ્વરનુ, જગત્ સર્વે ભુલી જાવુ,
ખરા સમભાવમા રહેવુ, ખરૂ ઉપદેશથી કહેવુ.— ૧

દુહા-સાખી.

અદા કરી નિજ ફર્જને, યથાશક્તિ અનુસાર;
સુખ દુઃખ આવ્યાં ભોગવો, કર ચિન્તા ન લગાર.
સ્વભાવે સહુ થયા કરતું, ગતિ કુદરત તણી ન્યારી,
ઘટે ના હર્ષ દિલગીરી, સફળથી ભિન્ન નિર્ધારી.— કરી. ૨

સાખી.

દુનિયા જૂઠી કારમી, એવુ મનમા લાવ,
સર્વ સબધો કારમા, એવું મનમા ભાવ.
જરા ના લક્ષ્ય દે ઘરમા, જરા ના લક્ષ્ય દે પરમા,
સ્વભાવે આત્મના રહેવુ, પડે તે દુઃખ સહુ સહેવુ.— કરી. ૩

સાખી.

ઇન્દ્ર ચન્દ્ર નાગેન્દ્રને, કદી ન છોડે કાલ,
દેખ્યુ સર્વે જુઠ છે, જેવી માયા ઝાળ.
ત્યજીને સર્વ ચિન્તાઓ, પ્રભુનુ ધ્યાન મન ધરવુ,
ખરા વખતે રહી સાવધ, જરાના મોહથી ડરવુ.— કરી. ૪

સાખી.

કર્યાં કર્મ સહુ ભોગવે, કો રાજા કો રક,
દેવુ ચૂકવ ' કર્મનુ, થઇ ધર્મે નિઃશક;
ચિદાનન્દી સ્વય તું છે, ધરેલા દેહથી ન્યારો,
મુસાફર વિશ્વમા તું છે, ત્હને છે ધર્મ આ ધારો.— કરી. ૫

સાખી.

વળે શું ? હાય વરાળથી, શૂર દશા સભાળ,
રાગ દ્વેષને પરિહરી, સર્વ કર્મને ખાળ.
ત્હને એવુ ઘટે છે હો, ખરા વૈરાગ્યમાં રહેવુ;
ખરૂ શુભ ધર્મનુ ભાતું, કમાઈ સાથમા લેવુ.— કરી. ૬

સાખી.

આલોયણ ભાવે કરી, મમતા સહુની મેલ,
પ્રભુ સ્વરૂપે લીન થઈ, આત્મ સ્વભાવે ખેલ.
શિખામણ ચિત્તમા ધારો, વિકલ્પો સહુ થતા વારો,
બુદ્ધબ્ધિ ધર્મ છે સાચો, હ્રદયથી ધર્મમા રાચો.— કરી. ૭

ૐ शान्तिः शान्तिः शान्तिः ।

આ ઉપરથી આપણને સહેજ વિદિત થાય છે કે તે પૂજ્યશ્રીનો શેઠને સન્માર્ગે લાવવા પ્રતિ કેટલો ઉચ્ચ પ્રેમ હતો. તેઓ, તેઓશ્રીનો પત્ર ઘણી ઉલટભેર હર્ષ સાથે અને આનંદે વાંચતા. કેટલીક વખત તો તેઓ વખતે કંઇ કવ્વાલી વગેરેમાં ગુરૂશ્રીએ પત્ર લખ્યો હોય તો મારી પાસે વંચાવતા અને ઘણા આનંદની ઉર્મીઓ પ્રગટ કરતા. છેવટમાં ગુરૂશ્રી પ્રત્યે તેમને અતુલ શ્રદ્ધા હતી અને તેમના પ્રતિ તેમની પૂજ્ય ભાવની લાગણી ઘણી વિકસ્વર થઈ હતી.

કર્મવીરતા.

શેઠ લલ્લુભાઇ એ પ્રવૃત્તિના કીડા હતા. તેમને તેમની જીંદગીનો ઘણો ભાગ પ્રવૃતિમાં નિર્ગમન કર્યો છે, અને ખરેખર તેમની પ્રવૃતિને લઇનેજ તેઓ સામાન્ય સ્થિતિમાથી એક વખત ત્રણ મીલોના એજન્ટ થયા હતા. ભારતનું સદ્‌ભાગ્ય કરવા માટે ઘણા ઉદ્યમવંત અને પ્રવૃતિવાન પુરૂષોની ઘણી જરૂર છે. સ્વામી વિવેકાનંદ પોતાના એક પત્રમા લખે છે કે "અરે ! ઇન્ડીઅનો, બાયલાઓ, ઉદ્યમહીનો તમો રાંડીરાંડની પેઠે ઘરમા બેસી રહેવાનુ છોડી દો અને ઉદ્યમવંત થાઓ. તમો અત્રે (વિલાયતમા) આવો. યુરોપીઅન લોકની પ્રવૃત્તિ જુઓ,–નિહાળો અને તે જોઈ તમો પ્રવૃત્તિવંત થાઓ અને તમારી નિવૃત્તિનો સ્વાદ તેમને ચખાડો" આ મુજબ પ્રવૃતિના સબંધમાં તે મહાપુરૂષના શબ્દો છે. પ્રવૃત્તિ માર્ગનુ બનતી શક્તિએ વહન કરો. આ બાબતમા મર્હુમ સરદાર શેઠ લાલભાઈ દલપતભાઇ તેમજ શેઠ મનસુખભાઈ જેવા કર્મવીર આપણને કર્મવીરતાનો અમૂલ્ય પાઠ શીખવી ગયા છે. કહેવતમા પણ કહ્યું છે કે જેઓ "કર્મે શુરા તેઓજ ધર્મે શુરા" અને આ કહેવત અનુભવથી પણ સત્ય લાગે છે. માટે આળસ, પ્રમાદ અને નકામી નિર્માલ્ય જીંદગી ગાળવા કરતા જીવનને પ્રવૃતિમય બનાવવું એજ જીંદગીના ઉત્કર્ષનો પાયો છે. માટે દરેક બધુંઓએ એક પળ પણ નકામી ન ગુમાવતાં પોતાનું જીવન ઉદ્યમવંત રાખવું એજ કહેવાની મતલબ છે.

શેઠે ખોલાવેલી તેમજ આશ્રય આપેલી મુખ્ય સંસ્થાઓ.

મહીપતરાંમ રૂપરાંમ અનાથાશ્રમઃ–આ સંસ્થાને પોતે પોતાના સારા વખતે ઘણી મદદ કરતા હતા. આ અનાથાશ્રમ અત્રે તેમજ દેશ દેશાવર ઘણું નામીચું છે. નિરાધાર અને નિર્ધનતાને ભોગ થએલ હિંદુભાઇઓના અનાથ બાળકોને આ સસ્થામા રાખવામા આવે છે. અને તેની પુરતી સારસભાળ રાખવામા આવે છે. આવી રીતના આ મહાન્ દયાના કારણભુત આ આશ્રમને તેઓ પોતાના તનમન અને ધનથી પોતાના સારા વખતે મદદ કરતા. લગભગ તેમા થતા ખર્ચનો મોટો ભાગ પોતે આપતા હતા.

જૈન હિતવર્ધક ગૃહ. નબળી સ્થિતિના અને સીઝાતા જૈનબંધુઓને ઠેકાણે પાડવાને અને તેમને ખાવા પીવા વિગેરેની અમુક વખત સુધી સગવડતા કરી આપવાને તેમણે આ સંસ્થા ખોલી હતી, અને ઘણા રખડતા જૈનબધુઓ તેનો આશ્રય લેઇ ઠેકાણે પડતા. આ સંસ્થાને શેઠે પોતાના સારા વખત સુધી ઘણી સારી રીતે ચલાવી હતી અને દર વર્ષે તે નિમિત્તે દોઢ હજાર રૂપીઆ ખરચના તેઓ આપતા.

ઈન્કયુરેબલ પૉપર્સ હાઉસ. રક્તપીત જેવા મહાભયકર રોગને ભોગ થએલા અને અપંગ લુલા લગડા કે જેઓ પોતાનો નિર્વાહ કરવાને તદન અશક્ત હોય અને વ્યાધિની મહાન્ ભયંકર પીડાથી જેઓ ગ્રસ્ત હોય તેઓને આશ્રય આપવાને તેમને આ સંસ્થા ખોલાવી હતી. જે હાલ પણ ચાલુ છે.

આ સંસ્થા પોતે પોતાની સાનુકુલ સ્થિતિ સુધી નભાવી ત્યાર બાદ જ્યાંથી ત્યાંથી મદદ મેળવીને પણ પોતે પોતાની હયાતી સુધી ચલાવી. હાલ તે સસ્થા અત્રેના સુપ્રસિદ્ધ શેઠ. મગળદાસ ગીરધરદાસ ચલાવે છે.

શ્રી જૈન શ્વેતાંબર બોર્ડીંગ. આ સંસ્થા પણ પોતે પૂજ્ય આચાર્ય શ્રીમદ્‌ બુદ્ધિસાગરજીના સદુપદેશથી ખોલાવી હતી. જેની અદર અત્યારે જુદા જુદા ત્રીશ પાત્રીશ ગામના મળી ૮૬ જેટલી મોટી સખ્યામા વિદ્યાર્થીઓ લાભ લે છે. આ સસ્થાની ઉત્પત્તિ સ્થિતિ વિગેરે સંબધી આગળ વિવેચન કર્યું છે. આ સસ્થાથી આપણા ઘણા સ્વામી બધુઓને લાભ થયો છે અને થાય છે જેનો રીપોર્ટ વાચવાથી દરેક બધુને જણાશે.

આ સિવાય શેઠશ્રીની કેળવણી પ્રતિ અમોઘ લાગણીથી તેમણે કેટલેક સ્થળે જેવા કે બોરસદ, સાણદ, માડળ, ગોધાવી વિગેરે સ્થળે કેળવણીની સારભુત સસ્થાઓ ખોલાવવામા મદદ કરી હતી અને ધર્મની અભિવૃદ્ધિના કામમા પોતાની શક્તિ અનુસાર આત્મભોગ આપ્યો છે તે જોઈ કયા જૈનબધુને તેમના પ્રતિ માનની લાગણી ઉપસ્થિત નહિ થતી હોય? તેમના તરફથી કોમને આથી પણ ઘણો સારો લાભ ભવિષ્યમા મળી શકવાની સર્વ પ્રકારે કોમના હિતચિતકોએ આશા રાખી હતી અને તે પાર પણ પડત પરતુ એકદમ અણધાર્યો તેમની સ્થિતિમા અવનવો ફેરફાર થયો જેથી તેમની કોમના ભલાને માટે કરેલી સદ્‌ભાવનાઓ, તેમજ હિતચિતકોની બાધેલી આશાઓ અસ્ત થવા પામી છે, તે જોઈ બહુ ખેદ થાય છે. ભાવી કોઇથી નિવારાયુ નથી. સર્વે કોઇનુ ત્યા આગળ ડહાપણ ચાલતું નથી. બાકી એટલુ તો કહેવુજ પડશે કે આ ઉદાર શેઠની જો સાનુકૂળ સ્થિતિ કાયમ રહી હોત તો તેઓ કોમને ઘણો લાભ કરી શકત એમ હુ અનુભવથી કહી શકુ છુ

અધિકારી વર્ગ સાથે સંબંધ.

શેઠશ્રીનુ સરકાર દરબારમા પણ સારૂ સન્માન હતું. અત્રેના ઘણાખરા મુખ્ય મુખ્ય અધિકારીઓ સાથે તેમને સારો સબંધ હતો. અમદાવાદ જિલ્લાના કલેકટર સાહેબ બહાદુર મી. ડૉડરેટ, આ–જજ મી. પામર આ. કલેકટર મી. રૉથવીલ તથા સાહેબ બહાદુર મી. જે સ્લેડન કે જેઓ અત્રેના કલેકટર હતા અને હાલ કાઠીઆવાડમા પોલીટીકલ એજન્ટ છે, ડીસ્ટ્રીકટ સેશનજજ નાઈટ સાહેબ તથા સીવીલ સરજન મી. જેકશન તથા એન્ડરસન સાહેબ વિગેરે યુરોપીઅન અમલદારો સાથે તેઓને ઘણોજ સારો સબધ હતો. તેમની શેઠ પ્રત્યે ઘણીજ માયાળુ લાગણી હતી, તેમ તેમનો શેઠ પ્રતિ ચાહ સારો હતો સાહેબ બહાદુર મી. જે સ્લેડનના શુભહસ્તે તેમણે ઈન્કિયુરેબલ પૉપર્સ હાઉસ ખુલ્લુ મુકાવ્યુ હતુ. દેશી અધિકારી વર્ગ સાથે પણ તેમને તેવો સબધ હતો. રાવબહાદુર લાલશકર ઉમીયાશકર, રા. રા. નરસીંહલાલ મામલતદાર વિગેરે સાથે તેમને ઘરવટ જેવો સબધ હતો. અત્રેના ઘણાખરા ક્ષત્રી વર્ગમા તેમને સારો સબધ હતો. ઑનરેબલ ચીમનલાલ હરીલાલ સેતલવાડ, ડૉ. કાનુગા બળવતરાય વિગેરેના કુટુબો સાથે તેઓને ખાસ ઘરવટ જેવો સબધ હતો. જેઓએ હજુ સુધી પણ શેઠશ્રી પ્રતિ તેવો ને તેવો પ્રેમ જાળવ્યો છે તે ઑનરેબલ ચીમનલાલ હરીલાલ સૅતલવાડના પત્ર ઉપરથી આપણને દ્રસ્યમાન થાય છે. શેઠની ઉદારતા તીવ્ર હતી, તેમજ કોઇનુ પણ કામ કરવા ઉપર તેમની દૃષ્ટિ ઠરેલી હતી અને હૃદયપ્રેમાળ હતું, લાગણીથી વિશિષ્ટ હતું. આવી રીતના તેમનામા ગર્ભિતપણે રહેલા ગુણાનુરાગને લેઇને તેઓ ઉચ્ચ પ્રતિના સબંધો બાધી શકયા હતા એટલુજ નહિ પરતુ તે ઠેઠ સુધી સરખી રીતે જાળવી પણ શકયા છે.

શ્રી જૈનશ્વેતાંબર બોર્ડીંગ અને શેઠ લલ્લુભાઈ

અમદાવાદ એ ગુર્જરાષ્ટનું પાટનગર અને જૈનપુરીના નામે ઓળખાય છે કે જેની અંદર વિદ્યા હુન્નર કળા કૌશલ્ય વિગેરેની ખીલવણી માટે કૉલેજો, પાઠશાળાઓ, ટેકનીકલ સ્કુલો, હાઇસ્કુલો વિગેરે તેના અલકાર ભુત બિરાજમાન છે, તેવા એક વિદ્યા વૃદ્ધિના ક્ષેત્રમા આપણી એક મોટા પાયાપર બોર્ડીગ સ્થપાય તો તેથી જૈન બધુઓનું કલ્યાણ થઈ શકે તેવા વિચાર આપણા પરમપૂજ્ય શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય યોગ નિષ્ટ બુદ્ધિસાગરસુરિજીના હૃદયપટમા ઘણા વખતથી ઉપસ્થિત થઇ ઘોળાયા કરતા હતા. અને તેવી રીતના વિચારોનુ વાતાવરણ તેઓએ વ્યાખ્યાન દ્વારા ઘણું ફેલાવ્યુ હતું અને તે પરત્વે ઘણા બધુઓનુ તેમણે આકર્ષણ પણ કર્યું હતું. છેવટ તે વિચારનો ફણગો પેથાપુર પ્રાતિક કૉન્ફરન્સ વખતે ફુટયો હતો. અને અત્રે તેના સદભાવે એક બોર્ડીગ સ્થપાઈ પણ હતી. પરતુ તે બરોબર ન ચાલવાથી મહારાજશ્રીની ધારણા પાર પડી નહિ પરતુ તેથી તેઓએ હિંમત છોડી દીધી નહિ પરતુ પોતાનો સતત ઉદ્યમ તે પરત્વે ચાલુ રાખ્યો, અને ઘણા વ્યાખ્યાનો દ્વારા તે વિચારોનુ તેમને કેટલાક બધુઓમા દ્રઢિકરણ કર્યું હતું પરતુ જેમ સુકાની વિના નાવ ચાલતું નથી તેમ તે વિચારોને તે વખતે ઉપાડી લેનાર કોઈ મહાપુરુષ નીજ અનિવાર્ય જરૂર હતી એક વખત અત્રે વ્યાખ્યાનદ્વારા તેમણે બોર્ડીગના માટે ઘણુંજ વિદ્વતાભર્યું અને લોકની લાગણી આકર્ષણ કરે તેવુ વ્યાખ્યાન આપ્યુ. આ પ્રસગે શેઠ લલ્લુભાઈ વિગેરે ઘણા સદ્‌ગૃહસ્થો હાજર હતા. આ વિચારોની અસર થઈ આવવાથી શેઠ લલ્લુભાઈના રોમાચ ખડા થયા અને તેમણે રૂ. ૩૦૦૦) પ્રથમ આપવાની ઇચ્છા દર્શાવતા ટપોટપ તેમા ઘણા બંધુઓએ રકમ ભરવા માડી અને સ્હેજવારમા રકમ વધીને રૂ ૮૦૦૦) ની થઈ-અને તેટલી રકમ થતાં આ સંસ્થાની સ્થાપન કરવાની ક્રિયા મરહુમ સખી શેઠ જેશીંગભાઈ હઠીસગ જેવા ઉદાર નરના સુહસ્તે કરવામા આવી. દિવસે દિવસે તેના ફડની શેઠ શ્રી તેમજ ગુરૂશ્રી વિગેરેના સ્તુત્ય પ્રયાસથી અભિવૃદ્ધિ થઈ અને તેને સુવ્યવસ્થિત રીતે ચલાવવા માટે અત્રેના કેટલાક અગ્રગણ્યો અને વિદ્વાનોની કમીટી નિમાઇ, અને કમીટીના સેક્રેટરીનુ પદ રા રા. વકીલ મોહનલાલ ગોકળદાસ જેઓ બી. એ. એલ. એલ. બી. વકીલ છે તેમને આપ્યુ અને ચેરમેન તરીકે શેઠ લલ્લુભાઈ હતા. આવી રીતે તે સસ્થા ચલાવવાની સુવ્યવસ્થિત ગોઠવણ કીધી.

શરૂઆતમા કમીટીએ દશ છોકરા રાખવાનો ઠરાવ કર્યો હતો પણ આપણામા ગરીબાઇએ કઈ વિશેષ વાસ કરેલો હોવાથી તેમ નાના ગામોમા હાઇસ્કુલો, કાલેજો વિગેરેનો અભાવ હોવાથી ઘણા વિદ્યાર્થીઓ આવવા લાગ્યા. શેઠ મૂળ તો દયાળુ તેમા વળી આવી સ્થિતિ જૈન કોમની નજરે નિહાળી તેમનુ હૃદય દયાથી ઘણુ પીગળ્યુ અને દયાની દેવીએ કઈ તેમના દીલમા જબરો ઉછાળો માર્યો જેથી કરી જે કોઈ ગરીબ વિદ્યાર્થી આવ્યો તેને દાખલ કરતા ગયા અને જેમ જેમ બોર્ડીગનું ખરચ વધતું ગયુ તેમ તેમ પોતાના પદરથી તેઓ ખરચ આપતા ગયા. છેવટે દશથી વધીને જ્યારે ૩૦ ની સંખ્યામા વિદ્યાર્થી થયા ત્યારે તેમણે કમીટી ભરી અને જાહેર કર્યું કે માસિક રૂપીઆ ૨૦૦ સુધી હુ આપીશ અને તેથી પણ જો બોર્ડીંગને ખુટતું રહેશે તો હુ આપીશ પરતુ આથી પણ તેમની દયાની પરિસીમા રહી નહિ. ચાલીશના ઉઠયા ૫૦ વિદ્યાર્થી થયા દિનપર દિન તેમની દયાની લાગણી ઘણી વિકસ્વર થઇ. જ્યારે ૫૦ ની સખ્યામા વિદ્યાર્થી થયા ત્યારે મે તેમણે વાત

કરી ત્યારે તેમના હૃદયની લાગણી તેમને મારી સન્મુખ પ્રદર્શીત કરી અને કહ્યુ કે:—**ઘણા ગરીબ લોક આવે છે તેથી મારૂં અંતઃકરણ બહુ ખેંચાય છે. તેમનાં દયામણાં મુખ જોઇ મારાથી કોઇને ના પાડી શકાતી નથી. હશે તેમનું પણ નસીબ છે.** તેઓની આંખમાથી જૈનોની ગરીબાઈ જોઈ અશ્રુ આવ્યા હતાં. આ પ્રસગે હું હાજર હતો. તેમણે છેવટે જાહેર કર્યું હતુ કે મારો વિચાર ૨૦૦ વિદ્યાર્થીઓ સુધી રાખવાનો છે. આ મુજબ દિનપરદિન દયાની દેવીએ તેમના દિલમાં ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું અને લગભગ ૧૦૦ જેટલી સખ્યામાં વિદ્યાર્થીઓ તેમણે દાખલ કર્યા આ વખતે ફડ ઘણુંજ નાનું હતું, કે જેમાથી જો બહુ બહુ ગણીએ તો પાચ વિદ્યાર્થીઓ પણ ભાગ્યેજ રાખી શકાય તેમ હતું. તેને બદલે વિદ્યાર્થીની સખ્યા વધીને ૧૦૦ ની થઈ હતી, આથી તેમણે ભવિષ્યમા એક લાખ રૂપીઆ આપવાની ઇચ્છા જાહેર કરી અને દરસાલ તેના વ્યાજ તરીકે રૂ. ૫૦૦૦) આપવાનુ જાહેર કર્યું, આ મુજબ તેઓએ પોતાના સારા વખત સુધી આપ્યા પરંતુ કહેવતમા કહ્યું છે કે Man proposes and God disposes “ આદર્યા અધુરા રહે અને હર કરે સો હોય ” એ મુજબ તેમની તે ઇચ્છાઓ તેમની પ્રતિકૂળ સ્થિતિ આવતા નષ્ટ પ્રાયઃ થઈ.

ખરેખર નહિ સાહ્યબી સદાય કોઈની ટકી ટકી!!

એ સૂત્રાનુસાર ચઢતી પડતીના ચમકારે તેમની પણ પ્રતિકૂળ સ્થિતિ થઇ. તેની સાથે બોર્ડીંગને પણ ઘણી કફોડી સ્થિતિ ભોગવવી પડી. આખરે સઘના શિષ્ટજનો અને વિશેષે કરી આપણી કોમમા સ્વામી વાત્સલ્યમા અપૂર્વ ગણાતા આપણા સુરત નિવાસી ઝવેરીઓ તથા અત્રેના ઝવેરી બધુઓથી તેને વિશેષ પોષણ મલ્યુ જેથી અત્યાર સુધી તે સારી રીતે નભી શકી છે અને નભશે એવી આશા છે. અત્રેના વતની ફોફાભટની પોળના રહીશ શા. જમનાદાસ જેઠાભાઈએ આ સસ્થાને રૂ. ૧૫૦૦૦) નું મકાન લેઈ આપ્યુ છે તેમ બીજા પણ રૂ ૫૦૦૦) હજાર આપી આ સસ્થા ઉપર મહાન્ ઉપકાર કર્યો છે આને માટે શ્રીયુત્ શેઠ જમનાદાસનો તેમજ તેમના બધુ મગુભાઈ ઉર્ફે રણછોડભાઈનો આ સસ્થા ઉપર અવર્ણનીય ઉપકાર થયો છે. જેની નોધ લેતા અમોને પારાવાર આનદ થાય છે. વળી તેનુ હમેશ જીવન ટકાવી રાખવાને મુબાઇના મોતીના કાટાના દયાળુ ટ્રસ્ટીઓ રા. બહાદુર હીરાચદ નેમચદ, નગીનચદ ઝવેરચદ, ગુલાબચદ દેવચંદ, લલ્લુભાઈ ધરમચદ ઉદેચદ, અભેચદ મુલચદ, વિગેરે ટ્રસ્ટી સાહેબોએ મળી મોતીના કાટા તરફથી દર માસે રૂ. ૧૫૦) આ સસ્થાને કાયમ આપવાનો ઠરાવ કરી જીવતદાન દીધુ છે એમ કહેવુ એ કોઈ પણ રીતે અવાસ્તવિક નહિ ગણી શકાય. આ સસ્થામા હાલ પણ ૮૦ જેટલી મોટી સખ્યામાં વિદ્યાર્થીઓ છે. કોમના શુભેચ્છકોએ દરેક રીતે આ સસ્થાને પોષણ આપવાની જરૂર છે. શેઠની બોર્ડીંગની લાગણીના સબધમા જેટલુ લખીએ, જેટલુ બોલીએ તેટલું ઓછું છે. તેમની લાગણીના આદર્શભુત હુ તમને એકજ દાખલો અત્ર કહીશ તે ઉપરથી જૈન કોમને માટે તેમના દિલમા દયાની પરિસીમા કેટલી હતી તે જણાઈ આવશે.

એક વખત બોર્ડીંગની એવી કફોડી સ્થિતિ આવી પડી કે, બોર્ડીંગમા નાણાની જરૂરીયાતને ભીડ બન્ને સાથે પડયા. હમારા પાસે રોકડી પાઈ પણ શિલીક નહોતી. જ્યારે નાણાની ઘણીજ જરૂર પડી. આ વાત જ્યારે શેઠને મ્હે જણાવી, ત્યારે શેઠની બોર્ડીંગ પ્રત્યેની મમતા ઉભરાઈ આવી. શેઠ બોર્ડીંગને અત્યારે કયે પ્રકારે મદદ કરી શકાય તેનો

વિચાર કરવામા ગુંથઈ ગયા. તેમની પોતાની સ્થિતિ તે વખતે ઘણી સારી નહિ હોવાથી તેમણે મુબાઇથી નાણુ લઇ આવવા વિચાર કર્યો. ત્યા શ્રી દેશી નાટક સમાજમાનો એકાદ નાટકનો ખેલ લેવો ને તેની ઉપજ બોર્ડીગમા આપવી એ ઇરાદે તેઓ મુબઇ જવા તૈયાર થયા, પણ તેમના પોતાના ચિ. રતીલાલ ભયંકર માદગીને બિછાને પડેલા, ધર્મ સંકટ ! જાય તો પુત્ર મદવાડ ને ન જાય તો પોતાના પ્રાણથી પણ અધિક એવી બોર્ડીગની શી દશા ? આખરે બોર્ડીગ પરની મમતાએ-ધર્મ ફરજ પરની મમતાએ પુત્ર સ્નેહ પર વિજય મેળવ્યો, ને શેઠ સૌની આનાકાની છતા પણ મુબાઈ ઉપડી ગયા ! અહા ! શો ધર્મ સ્નેહ ! શી ફરજ બજાવવાની ઉત્સુકતા ? બોર્ડીગપર–વિદ્યાર્થીઓપર–ની મમતા ?

મુબાઈ જઈ શ્રી દેશી નાટક સમાજના, ઉત્સાહિ, માલીક ઝવેરી ચદુલાલ દલસુખરામને મળી–એક ખેલ લેવાનો બદોબસ્ત કર્યો. તે ટીકીટો વેચવા જાતે ઘેર ઘેર ફર્યા ! બીજા પણ બે ત્રણ ખેલો ફ્રી મેળવેલા પણ ઘેરથી રતીલાલની માંદગીનો તાર આવવાથી ના છુટકે તરત ઘેર આવવુ પડયું. **પણ મોતને બીછાને પડેલા પુત્રને મુકી કયો પિતા ધર્મ કાર્ય કરવા પરદેશ જશે ? સ્નેહ કરતાં ધર્મ સ્નેહ ને કયો પિતા વધુ મહત્વને માન આપશે ? કોઇ વિરલાજ ! ! !**

શેઠ. લલ્લુભાઇના મરણની દીલગીરી દર્શાવવા મળેલી મીટીંગો.

મર્હુમ શેઠ. લલ્લુભાઈના દેહોત્સર્ગની દીલગીરી દર્શાવવા કેટલેક સ્થળે મીટીંગો મળી હતી. કેટલેક સ્થળેથી તેમના કુટુબ ઉપર દિલાસાના પત્રો આવ્યા હતા. તેઓની આપણી બોર્ડીંગ પરત્વે અવિચ્છિન લાગણી હતી જે આપણે પ્રથમ જણાવી ગયા છીએ. તેના વધુ પુરાવા તરીકે તેમના સ્વર્ગગમનનો શોક પ્રદર્શીત કરવા બોર્ડીગની મેનેજીગ કમીટીમા થએલા ઠરાવની નકલ તથા તેમના કુટુબ ઉપર ચેરમેનની સહીથી મોકલેલો પત્ર જે આ નીચે આપેલ છે તે વાચવા દરેક બધુઓને હુ ભલામણ કરૂ છુ.

તા. ૧૩–૭–૧૫ ના રોજ બોર્ડીગની મેનેજીગ કમીટી શેઠશ્રીના મરણની દિલગીરી પદર્શીત કરવા મળી હતી તે વખતે કમીટીના ચેરમેનની સહીથી પત્ર લખી મોકલેલ ઠરાવની નકલ.

અમદાવાદ તા. ૧૪–૭–૧૫.

રા. રા. ચદુલાલ લલ્લુભાઈ, કેશવલાલ લલ્લુભાઈ તથા અમરતલાલ લલ્લુભાઇ.

અમદાવાદ તા. ૧૫–૭–૧૫.

વિ. સાથ લખવાનુ કે આપના પીતાશ્રી જેઓ આ બોર્ડીગની મેનેજીગ કમીટીના ચેરમેન હતા, તેઓના સંવત ૧૯૭૧ ના જેઠ વદી ૪ ને બુધવારના રોજ થએલા અવસાનથી ઉપજેલો શોક પ્રદર્શીત કરવાને આ બોર્ડીગની મેનેજીગ કમીટીની મીટીંગ તા. ૧૩–૭–૧૫ ના રોજ થઇ હતી, તેમા થએલા ઠરાવની નકલ આ સાથે મોકલી છે. તે બાબત મર્હુમ પ્રત્યેની અમારી દીલગીરીની લાગણી આપના કુટુંબમા પ્રદર્શીત કરશો.

લી. શુભેચ્છક.

ઝવેરી સારાભાઈ વાડીલાલ.

ચેરમેન શ્રી જૈનશ્વેતાંબર મૂ. બોર્ડીંગ.

ઠરાવની નકલ.

" ઝવેરી લલ્લુભાઈ રાયચદે શ્રીમદાચાર્ય શ્રી બુદ્ધિસાગરજી મહારાજના સદુપદેશથી આ સસ્થાની સ્થાપના માટે ઘણો પ્રયાસ કર્યો હતો તેમનુ સવત ૧૯૭૧ ના જેઠ વદ ૪ ને બુધવાર તા ૩૦–૬–૧૫ ના રોજ અવસાન થયુ તેથી આ કમીટી ઘણી દીલગીર થાય છે.

આ સસ્થાની સ્થાપના થઈ ત્યારથી તેઓના અવસાન સુધી ઝવેરી લલ્લુભાઈ રાયચંદ આ સસ્થાને અમૂલ્ય મદદ કરતા રહ્યા હતા અને તેઓ આ સંસ્થાના **પીતા** તુલ્ય હતા. તેમના અવસાનથી આ સસ્થાને ભારે ખોટ પડી છે તેની આ કમીટી નોંધ લે છે. અને તેમના અવસાન માટે અત્યંત શોક પ્રદર્શીત કરે છે. "

આ ઉપરથી અમારા જૈનબધુઓ જોઈ શકયા હશે કે બોર્ડીંગ પરત્વે તેમની કેવી અનન્ય સેવા હતી ! સર્વ કેળવણીના હિમાયતી બધુઓ જાણતા હશે કે આ સસ્થા આપણુને કેટલી બધી ઉપયોગી થઈ પડી છે, તેને સ્થપાયે લગભગ આજ આઠ વર્ષ પસાર થયા છે. તેની અદર સેકડો ગામના સકડો વિદ્યાર્થીઓએ તેનો લાભ લીધો છે અને તેમાના કેટલાક વિદ્યાર્થી બધુઓ યુનીવરસીટીની પરીક્ષાઓ પસાર કરવા ભાગ્યશાળી થયા છે હાલ મી. ચદુલાલ મયાચદ બી. એ. પાસ થએલ છે. તેમજ સબ. આ. સરજનની પરીક્ષાઓ પણુ કેટલાક વિદ્યાર્થીઓએ પસાર કરી છે. અને સારી પાયરીઓપર પહચ્યા છે. આ સસ્થામા હાલ પણુ ૮૦ જેટલી મોટી સંખ્યામા વિદ્યાર્થીઓ લાભ લે છે. આ રીતે બીજમાથી થએલા વૃક્ષને જોઇને અત્યારે કોને આનદ નહિ થતો હોય ! એવુ કયુ હૃદય હશે કે જેના દ્રગયુગલમાથી હર્ષાશ્રુના બિદુઓ નહિ ટપકતા હોય ! શુ શેઠશ્રીનો આ જૈન સમાજ ઉપર આ ઓછો ઉપકાર થયો છે ! ખરેખર આ સ્થળે કહ્યા વિના ચાલતું નથી કે—

જનની જનતો ભક્તજન કા દાતા કાં સુર,
નહિ તો રહેજે વાઝણી મત ગુમાવીશ નુર.

શેઠ લલ્લુભાઇમા દાનનો ગુણુ પ્રબળ હતો. અને તે પ્રશસ્ય ગુણુને લેઇનેજ તેઓ ઘણા દયાના અને પરોપકારના કાર્યો બજાવી શકયા હતા

ઉપરની મીટીંગ સિવાય, સાણુદ, માણુસા, વિગેરે સ્થળે પણુ શેઠશ્રીના મરણુની દીલગીરી દર્શાવવા મીટીગો મળી હતી. બોર્ડીગના વિદ્યાર્થી બધુઓની પણુ દીલગીરી દર્શાવવા મીટીંગ મળી હતી આ પ્રસગે બુદ્ધિપ્રભાના સપાદક શ્રીયુત્ પાદરાકર તથા રા. રા. લલ્લુભાઇ કરમચદ દલાલ હાજર હતા. આ મીટીંગનો ટુંક હેવાલ નીચે મુજબ છે.

ગઈ તા. ૧૧–૭–૧૫ રવિવારના રોજ બપોરના ૧ વાગે શ્રી જૈન શ્વે મૂ. બોર્ડીગના સમગ્ર વિદ્યાર્થીઓની એક સભા **બોર્ડીંગના મકાનના સેન્ ્લ હોલમાં મુંબઈવાળા** રા. રા. લલ્લુભાઈ કરમચંદ દલાલ એમના પ્રમુખપણા નીચે શેઠ લલ્લુભાઈ રાયજીના અતિ શોક ભર્યા મરણુને માટે દીલગીરી દર્શાવવા મળી હતી, જેમા બોર્ડીગના બધા વિદ્યાર્થીઓ ઉપરાત કેટલાક અન્ય ગ્રહસ્થોએ પણુ હાજરી આપી હતી.

સભા દીલગીરી દર્શાવવા મળી હતી ને ત્યા શાતિ ને ઉદાસિનતા પણુ પ્રસગને અનુસારેજ પ્રસરી રહી હતી. શ્રોતાઓથી આખો હોલ ચીકાર ભરાઈ ગયો હતો. સામી ભીત પર શેઠ લલ્લુભાઈનો ફોટો હસતી મુખાકૃતિવાળો વિરાજમાન હતો, તેમ અત્યારે બધા શ્રોતાઓના હૃદયમા પણુ શેઠ લલ્લુભાઇનો સૂક્ષ્મ ફોટો વિરાજી રહ્યો હતો.

શરૂઆતમાં બોર્ડીંગના સુપરિન્ટેન્ડેન્ટ મી. શંકરલાલ પ્રેમાભાઈ કાપડીઆએ ઉભા થઈ પ્રમુખની દરખાસ્ત મુકતા જણાવ્યુ કે, આપણા સદ્‌ભાગ્યે–પ્રસંગાનુસાર રા. રા. લલ્લુભાઇ કરમચંદ આજ અત્રે આવી પહોચ્યા છે. તે આપણી બોર્ડીંગ પ્રત્યે અનન્ય કાળજીને માનની લાગણી ધરાવે છે, શ્રી અધ્યાત્મકજ્ઞાન પ્રસારક મંડળના તે અગ્રગણ્ય સભ્ય છે. મુબાઇમાના કેટલાક ઉજ્વળ કાર્કિદીવાળા જાહેરખાતાઓના તેઓ આગળપડતા સભ્ય છે. તેઓ શેઠ લલ્લુભાઇના પરિચયવાળા છે, તેમજ તેમની બોર્ડીંગપ્રત્યેની ઉમંગભરી સેવાઓ ઉત્તમ છે એવા એક શુભેચ્છકને આજની સભાનુ પ્રમુખસ્થાન લેવા હુ દરખાસ્ત કરૂ છુ, અને બધુઓ ! તમે મ્હારી આ દરખાસ્તને અનુમોદન આપશો.

મી. શંકરલાલની દરખાસ્તને વિદ્યાર્થી મી. ચંદુલાલ મથુરદાસે અંતઃકરણપૂર્વક ટેકો આપતા રા. રા. લલ્લુભાઇએ પ્રમુખસ્થાન સ્વિકારતા સભાનુ કામ આગળ ચલાવવામા આવ્યુ હતું.

પ્રથમ મી. શંકરલાલે પોતાનુ ભાષણ કરતા જણાવ્યુ કે —

મે પ્રમુખ સાહેબ, શ્રીયુત્ પાદરાકર અને સર્વે વિદ્યાર્થી બાધવો !

આજની સભા મેળવવાનુ કારણ તમો સઘળા જાણો છો. રાજનગરના ઉજ્જવળ આકાશમા ચમકતા તારા જેવા પરોપકારી દાનવીર–અત્યંત દયાર્દ્ર દ્રષ્ટિવાળા શેઠ લલ્લુભાઇ રાયજીના અતિ દિલગીરીભર્યા મૃત્યુથી કોણ દિલગીર નહિ થયુ હોય ! આપણે તેમના ગુણોના બદલામા–આપણા હૃદયની લાગણીભર્યા શુભ શબ્દો સિવાય શુ આપીએ ? ત્યારબાદ આ સાથે તેમને લખેલા તેમના જીવનમાથી ટુંકસાર કહી બતાવ્યો હતો અને છેવટે તેમના અમર આત્માને શાંતિ ઇચ્છી તેમજ તેમના કુટુંબને દિલાસો ઇચ્છી પોતાની જગ્યા લીધી હતી.

ત્યારબાદ મી મગનલાલ માધવજી, જૈન બોર્ડીંગના વિદ્યાર્થી, એમણે શેઠ. લલ્લુભાઈ માટેની પોતાની લાગણી દર્શાવના પોતાના વિચારો નીચે પ્રમાણે જણાવ્યા કે–શેઠ સાહેબ પોતે હરહમેશા બોર્ડીંગના વિદ્યાર્થીઓની ઘણી સારી દેખરેખ રાખતા ને બોર્ડીંગના વિદ્યાર્થીઓ ઉપર પુત્રવત્ પ્રેમ રાખતા હતા ને દરેક સારા પ્રસંગે બોર્ડીંગના બધા વિદ્યાર્થીઓને યાદ કર્યા વિના રહેતા નહિ. તેઓ, વિદ્યાર્થીઓને કેળવણી કેવી આપવામા આવે છે તેની પણ દરેકને વખતો વખત પુછપરછ કરતા હતા. વળી દરેક વિદ્યાર્થીને, ભાઈ તું **નેલસન** જેવો પાકજે, તુ **દાદાભાઈ નવરોજજી** અગર **બેનરજી** જેવો પાકજે, નિર્માલ્ય થઇશ નહિ, એવા શુભેચ્છાના વાક્યો ઉચ્ચારી પોતાની અપ્રતિમ–ઉચ્ચ ભાવનાભરી લાગણીઓ દર્શાવતા હતા એવા મહાનુભાવની સદ્‌ગતિ થઈ ! તેમના અમર આત્માને શાંતિ મળો એમ ઇચ્છી પોતાનુ સ્થાન લીધુ

ત્યારબાદ બુદ્ધિપ્રભા માસિકના સંપાદક કે જેઓ અત્રે આવ્યા હતા તેઓએ નીચે મુજબ પોતાનુ ભાષણ કર્યુ હતું

મહેરબાન પ્રમુખ સાહેબ, અને વિદ્યાર્થી બંધુઓ !

જે દુઃખદાયક પ્રસંગ માટે આજે આપણે સૌ ભેગા થયા છીએ, તે દુઃખદાયક પ્રસંગ, આજના મેળાવડામા વ્યાપી રહેલી અપૂર્વ શાંતિ ને ઉદાસીનતાજ સ્પષ્ટ કરી બતાવે છે. ગુર્જરરાષ્ટ્રના કેન્દ્રસ્થાન રાજનગરરૂપી આકાશમાથી એક પ્રકાશીત તારો ખરી ગયો છે, જે દિવ્ય સુવાસ ફેલાવનાર ગુર્જરરાષ્ટ્રના બગિચાને પોતાના અણમોલ દાનવીરતાના ગુણોવડે મઘમઘાટ બનાવી મુક્યો હતો તે પુષ્પ–કરમાઇ ગયુ છે પણ પોતાની દિવ્ય સુવાસ અમર રાખી ગયુ છે.

શેઠ લલ્લુભાઇ—આ બોર્ડીંગના **પિતા**—ના સ્વર્ગગમના સમાચાર મ્હે મ્હારી અત્યંત ખિન્નતા વચ્ચે વડોદરા મુકામે સાભળ્યા. મ્હને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો કે આ દયાળુ શેઠના મરણ સમાચાર અકસ્માત રીતે મ્હારે આમ સાભળવા તૈયાર રહેવુ પડશે. મનુષ્ય માત્ર મરવાજ જન્મે છે, સુર અસુર કોઈ અમર રહ્યું નથી. તેમજ 'જાયુ તે જાય' એ સુત્રાનુસાર સૌ કોઇ મરે છેજ. પણ જેના મરણથી ન્યાતને, ગામને, કે સમાજને ઘણું નુકશાન થાય છે તેનુ મૃત્યુ દુઃખકર લાગે છે જેના જીવન પરથી સમાજને શિખવાનુ મળે, જેનુ જીવન સમાજને અનુકરણીય હોય, જેના જીવનથી સમાજને, જગતને એક યાતો બીજી રીતે ફાયદો થતો હોય તે જીવન નષ્ટ થવાથી કોને શોક ન થાય ?

શેઠ લલ્લુભાઇના જીવનમાથી આપણને ઘણુજ શિખવાનુ મળે છે. તેમના જીવનમાથી પ્રથમ શિખવાની બાબત સાદાઈ—અતિશય સાદાઈ—હતી. શેઠ શ્રીમંત હતા તો પણ જરા અભિમાન રાખ્યા વિના પોતે ઘણાજ સાદા પોષાકથી—પગે ચાલી બજારમા જતા હતા. ગમે તેવા માણસ સાથે વાત કરતા—'**પોઝીશન**' હલકી થઈ ગયેલી પોતે માનતા નહોતા. જે પોષાક શેઠે મરતા સુધી પહેર્યો—તેજ પ્રતિનો પોષાક શેઠ ઝાહોઝલાલીના શિખરે પહોચ્યા હતા, ત્યારે પણ પહેરતા હતા. તેઓ વૈભવથી છલકાઇ ગયા નહોતા, તેમજ સામાન્ય સ્થિતિમા ગભરાઈ—મુઝાઈ ગયા નહોતા. તેમના સુત્રોમાનુ એક મુખ્ય આ હતું

"સદા સંસારમા સુખ દુખ સરખા માની લઇએ!" ને ખરેખર તેઓ સુખ કે દુખમા બદલાયલા કદી પણ જણાયા નહોતા.

શેઠ પોતે ઘણાજ દયાળુ હતા, તેમના અંતઃકરણમા દયાનો અખુટ ઝરો સદા વહ્યા કરતો હતો ગરીબને અનાથોના તે નાથ હતા તેમની પાસે કોઈ માણસ આજીવીકા માટે આવે તો તુર્ત તેનુ ઠેકાણુ પાડતા, ને તેનુ બનતા પ્રકારે આજીવીકાનુ દુખ ટાળતા. કોઇ દુખી માણસ દેખતા તેઓની આખો અનુકંપાની અશ્રુ ઝડીઓથી ઉભરાતી.

કુબેરભંડારીઓ જેવા ધન મુકી ગયા તો ધન કોની સાથે ગયુ ? આ વિચારે શેઠે પોતાનુ દ્રવ્ય પોતાને હાથેજ સારા માર્ગે ઘણુ ખરચ્યુ જેમ ભાઇ શંકરલાલ જણાવી ગયા તેમ તેમણે બોર્ડીંગ—હીતવર્ધક ગૃહ—હોમ ફોર ઇન્કયુરેબલ પૉપર્સ—મહિપતરામ અનાથાશ્રમ તથા એવી અનેક સંસ્થાઓ ખોલી પોતાના દ્રવ્યનો સદ્ઉપયોગ કર્યો એ પરથી આપણે મારા વખતમા સુપાત્ર દાન ને નાણાનો સદ્ઉપયોગ શિખી શકીએ

શેઠ ઘણા કેળવાયલા નહોતા એ વાત અગાઉ આવી ગઇ છે પણ શેઠ કેળવણીને માટે ઘણુજ કરતા. કારણ જે જ્ઞાનાન્તરાયથી તેઓ આ ભવે ભણી શકયા નહિ તે અંતરાય જ્ઞાન ભણવા, ભણાવવામા સાહાયતા કરવાથીજ છુટે—વળી.—

જેટલા અક્ષર સુત્રના ભણાવે, તેટલા વર્ષ હઝારજી,
દેવતાના અનંતા સુખ વિલસે, પામે ભવજળ પારજી.

ને તે પ્રમાણે તેમણે આપણી કોમના લાભાર્થે બોર્ડીંગરૂપી સાધન ખોલ્યું. આ બોર્ડીંગથી ગ્રેજ્યુએટ, ડૉકટરો ને બીજા ઉદ્યોગો કરનાર થયા ને થશે. તે અહિ બેઠેલા આપણી કોમના ભવિષ્યના સ્થંભરૂપ ભાઇઓ! તમારામાથી કેટલાક વીરચંદ રાઘવજી, મી. ગાંધી, કે દાદાભાઈ પાકશે! તે કોણ જાણે છે. તમારામાથી કોણ જાણે છે કે કેટલાક બેરીસ્ટરો,

વકીલો ડૉક્ટરો ને સોલીસિટરો થશો. એ બધુ કોને આભારી ? એ શેઠજીનેજ. બાધવો શીખો કે તમે પણ આવા મહત્કાર્યો ભણ્યા પછી કરશો ને શેઠને પગલે ચાલશો.

બન્ધુઓ ! શેઠ દાનવીર કેમ કહેવાય ? શું લાખ રૂપીઆ આપ્યા માટે ? ના કરોડો રૂપીઆ આપનાર વિરલા છે ! આ ભૂમિમા–પણ એક દાખલો આપીશુ કે જ્યારે જાવડશાએ આબુજીના અપ્રતિમ–ભવ્ય દેવાલયો બંધાવ્યાં ત્યારે ટીપ કરી હતી. તેમા દરેક જૈન-બંધુએ શક્તિ પ્રમાણે રકમ ભરી હતી. ત્યારે એક ગરીબ શ્રાવક બોલ્યો–શેઠજી મારા પૈસા ટીપમા લેશો ? શેઠે જાણ્યુ આ ગરીબ શું આપશે ? પણ જોવા તેના ભાવ ! પછી તે માણસે સાંજે શુ ખાઇશ તેનો પણ વિચાર કર્યા વગર બધુંજ સર્વસ્વ આપી દીધુ. જ્યારે જાવડશા મંત્રીએ જાણ્યુ કે તે ભાઇએ પોતાનુ સર્વસ્વ આપી દીધુ છે ત્યારે તેની પ્રશંશા કરીને–દેરાસરની ટીપમા નાણા ભરનારની ટીપમા તેનુ નામ સૌથી ઉપર મૂક્યુ. જ્યારે લાખો રૂપીઆ ભરનારાઓએ આ બાબત પુછ્યુ, ત્યારે જાવડશા શેઠે કહ્યું. ભાઇઓ ! તમારા કરતા તેણે વધારે આપ્યુ છે કારણ તમે તો આજીવીકા પૂરતુ રાખી આપ્યુ છે પણ તેણે તો પોતાની બધી મીલકત મંદિરના ખર્ચ માટે આપી છે માટે તેમનું નામજ ઉપર આવે ! તેમ શેઠ લલ્લુભાઇની પણ સખાવતોના સંબંધમા હતુ.

ભાઇઓ ! તેમના દાખલા પરથી તમો શુ શિખશો. તમો જે બોર્ડીંગ–જે સહાયથી ભણી તમારૂ ભાવિ ઉજ્વળ બનાવી જાઓ છો તે હમેશા યાદ રાખશો. આ બોર્ડીંગને કદી પણ ભૂલશો નહિ. તમારા પર અથાગ ને અખંડીત ઉપકાર કરનાર બોર્ડીંગને યાદ રાખજો. તમારા જીવનનો પાયો અહિંજ ચણાયો છે. તમારા ભવિષ્યના સંસ્મરણીય ઉજ્વળ–જીવન સંકિર્તક અહિં સંઘટ્ટન થાય છે. જ્યારે તમે કૃતેહમંદ થઇ ઘેર જાઓ, તમારે ધંધે કે નોકરીએ લાગો ત્યારે પ્રાણાંતે પણ આ પરોપકારી રત્નની ખાણ જેવી સંસ્થાને વિસારશો ના. તમારા જેવા કૃતેહમંદ વિદ્યાર્થીઓ પરજ આ સંસ્થાનો ભાવિ આધાર છે. માટે તેના નિભાવ માટે હમેશા મદદ કરતા ને કરાવતા રહેવાનુ ભૂલશો નહિ. જે નીતિના તત્ત્વો તમને અહીંથી મળે તે જાળવી રાખશો ને તમે બોર્ડીંગમાથી આવો છો એવી સજ્જડ સચોટ છાપ–તમારા ધર્મની–નીતિના શીળની છાપ સઘળે બેસાડજો ને બોર્ડીંગ ન લજાવતા–તેની કીર્તિ વધારી દીપાવજો.

અંતમા આપણે એ મહાત્માને શુ આપીએ ? તેમના ઉપકારોના બદલામાં આપણે કંઇ પણ કરી શકીયે તેમ નથી. માત્ર આપણુ હૃદયના સદ્‌ભાવની દિવ્ય સૌરતા ભર્યા–વચન પુષ્પોની માળાઓ તેમના અમર આત્માને સાદર કરી ઇચ્છીશુ કે તેમની ઉચ્ચગતિ થાવ ને તેમના આત્માને શાંતિ મળો ! એટલુ બોલી બેસવાની રજા લઇશ.

ત્યાર બાદ પ્રમુખ સાહેબે જણાવ્યુ કે શેઠ લલ્લુભાઇની સાથે મારે પરિચય થયો હતો તેમની દયાળુ વૃત્તિ, બોર્ડીંગ પ્રત્યે માયાભરી લાગણી અને જૈન કોમનુ ભલુ કરવાની ઉત્કંઠા અમોઘ હતા. તેઓએ બોર્ડીંગના લાભાર્થે મુબાઇમા શ્રી દેશી નાટક સમાજનો ખેલ લીધો ત્યારે મને તેમા મહેનત કરવાને તેઓએ સુચવ્યુ હતું. તેઓએ એકાદ ખેલ લીધો હતો અને બીજા બે લેવાની તૈયારીમા હતા તેટલામા તો તેમના દિકરા રતીભાઇની સખ્ત માદગીનો તાર આવવાથી તેમને અમદાવાદ પાછું જવુ પડયુ. એક વ્હાલામા વ્હાલા પુત્રને

પથારી વશ રાખી પરમાર્થે માટે આવી રીતે સેવા બજાવવી એવા નર તો કોઇ વીરલાજ હશે ! આજ તેમની બોર્ડીંગ પરત્વેની મમતાને લાગણી પ્રદર્શીત કરે છે. આપણી પ્રથમ અમદાવાદ જૈન બોર્ડીંગનો ફણગો આપણા પરમ પૂજ્ય આચાર્ય બુદ્ધિસાગરસૂરિજીના ઉપદેશથી પેથાપુર પ્રાંતિક કોન્ફરન્સ વખતે ફુટયો હતો. પરંતુ પાછળથી તે બોર્ડીંગની અવ્યવસ્થા થવાથી આ બોર્ડીંગની સ્થાપના પણ તેઓ પૂજ્યશ્રીના સદુપદેશથીજ થઈ હતી, અને તેની પહેલ આપણા સખીદિલના શેઠ લલ્લુભાઈ રાયચંદે કરી હતી આથી આ બોર્ડીંગના તેઓ પીતા છે પીતા જેમ પુત્રની સંભાળ રાખે તેવીજ રીતે તેમણે આ બોર્ડીંગની અમુલ્ય સેવા બજાવી છે.

તેઓની પાસે અન્ય શ્રીમાનોના પ્રમાણમા ગણીએ તો ઝાઝી દોલત નહોતી છતા જે હતી તેના કરતા તેઓ સવાયુ કરવાની અભિલાષા ધરાવતા અને વખતે શક્તિ ઉપરાત પણ દયાના કામોમા મદદ આપતા તેજ તેમના “ અહિંસા ધર્મ ” પ્રતિના ઉચ્ચ પ્રેમની સાક્ષી પુરે છે. બંધુઓ ! મી શંકરલાલના ભાષણ ઉપરથી તમને સર્વેને તેમની અનુપમ દાન દેવાની અને દયાળુ વૃત્તિ સબંધી ખાત્રી થઈ હશે.

બંધુઓ ! તમારે તેમના જીવનમાથી ઘણુ શીખવાનુ છે. સાદાઈ, પરોપકાર, સ્વાશ્રય, હિંમત, ધૈર્ય, સહનશીલતા, વિવેક, દયા, વિગેરે સબંધીના ઉમદા પાઠો તમારે તેમના જીવનમાથી ગ્રહણ કરવા જેવા છે. તેમજ કર્મવીરના અમૂલ્ય શિક્ષણનો તો તમારે અવશ્યે ધડો લેવા જેવો છે.

બંધુઓ ! પારસી પંચાયત વિગેરેનાં પોતાની કોમની ઉન્નતિ અર્થે ઘણા મોટા ફંડો છે, અને તે ફંડોનો જે લાભ લે છે તે તેમા પોતાના માટે ખરચાયલા નાણા તો ભરી આપે છેજ. આવી રીતની વ્યવસ્થા હોવાથી તેઓ કોમની ઉન્નતિના ઘણા કાર્યો કરી શકે છે આપણામા ઘણી સખાવતો થાય છે પરંતુ તેવી રીતનુ બંધારણ ન હોવાથી અમુક સંસ્થા અમુક વખત સુધી અસ્તિત્વમા રહે છે, અને અમુક વખતે તેનો બંધ થવા વખત આવે છે માટે ખાસ દરેક વિદ્યાર્થી બંધુઓને સુચના છે કે દરેક બંધુ ! અત્રે ભણી રહ્યા પછી સારી લાઇન પર ચઢયા પછી આ સંસ્થાને વિસ્મરણ નહિ કરે અને પોતાથી બનતી મદદ કરશે અને કરાવશે જેથી સંસ્થાનુ ભવિષ્ય દીર્ઘાયુ થશે. છેવટ તેમણે મર્હુમ શેઠ લલ્લુભાઈના અમર આત્માને શાંતિ ઇચ્છી અને તેમના કુટુંબને દિલાસો ઇચ્છી પોતાનુ ભાષણ સમાપ્ત કર્યુ હતુ. ત્યારબાદ પ્રમુખનો ઉપકાર માની સભા બરખાસ્ત થઈ હતી.

આપણું જૈનપત્ર શેઠ લલ્લુભાઈ માટે શું કહે છે.

શેઠશ્રીના મરણની ખબર ચોગરદમ પથરાતા આપણા પ્રખ્યાત પત્રો જેવા કે મુબાઇ સમાચાર, ગુજરાતી, સાંજવર્તમાન, પ્રજાબંધુ, ગુજરાતી પંચ, જૈનપત્ર, વિગેરે પત્રોએ તેમના મરણની તથા શેઠ શ્રી ઉદાર, દયાળુ અને પરોપકારી વિગેરે ગુણોની નોંધ લીધી છે. તે પૈકી જૈનપત્ર કે જે આપણી કોમની ઉન્નતિની પ્રગતિ કરવામા યથાશક્તિ પ્રવર્તન કરી રહ્યુ છે, અને તે આપણી કોમનુ પરીચિત પત્ર છે તેથી આ સ્થળે તેમા લખેલો શેઠ લલ્લુભાઇ માટેનો અભિપ્રાય ટાકુ છુ.

“ અમદાવાદના જાણીતા જૈન ગૃહસ્થ શેઠ લલ્લુભાઇ રાયજીના ભવિષ્યના ખેદકારક

૨ જણાવતા અમને દીલગીરી થાય છે. મી. લલ્લુભાઇ સામાન્ય સ્થિતિમાથી આગળ

વધીને મીલોના માલેક થતા સાથે ધાર્મિક કાર્યોમા ઉત્સાહથી આગળ પડતો ભાગ લેતા થયા હતા. અને તેમણે આચાર્ય શ્રી બુદ્ધિસાગરજીના ઉપદેશથી અમદાવાદમા એક જૈન બોર્ડીંગની સ્થાપના કરી હતી કે જે અત્યારે પણ અનેક જૈન વિદ્યાર્થીઓને આશ્વાસનરૂપ છે. દૈવયોગે પુન તેમના સજોગો પ્રતિકૂળ થવા પામ્યાનુ કહેવાય છે તોપણ તેમની લાગણી ખતયુક્ત હતી. અમો તેમના કુટુબને દીલાસો આપતા મરનારના આત્માની શાતિ ઇચ્છીએ છીએ."

ઉપસંહાર

શેઠ લલ્લુભાઇના ઉપર લખેલા જીવનની રૂપરેખા ઉપરથી આપણને ખ્યાલ આવશે કે તેમનામા દયાનો અશ અપાર હતો વેપારમા તેઓની બુદ્ધિ કુશાગ્ર હતી, તેમ તેઓની દાનવૃત્તિ ઘણી પ્રશસ્ય હતી તેઓ પરોપકારી, સ્વાશ્રયી, હિમતબહાદુર અને ઉદાર દીલના હતા, તેમજ વિવેકી હતા તેમનામા સાહસનો ગુણ તેમના સર્વે ગુણોમા અલકારભુત હતો તેમ તેઓ ઘણા અનુભવી હતા શેઠને પોતાની વ્હેપારી કુનેહના ઉપર સપૂર્ણ અને દૃઢ વિશ્વાસ હતો. જેમ જેમ તેઓ દ્રવ્યની પ્રાપ્તી કરતા ગયા તેમ તેમ તેઓ વિશેષ વિશેષ વેપાર ખેડતા ગયા. ઘણા શખ્સોને તેમણે વેપારમા લાભ કરેલો છે આ સ્થળે જણાવવાની જરૂર રહે છે કે જેવી રીતે શેઠે વેપારમા ઘણા બધુઓને ફાયદો કર્યો છે તેમ તેમને વેપારમા ખોટ જવાથી કેટલાક બધુઓને તેથી નુકશાન પણ સહન કરવુ પડયુ છે. આ તેમને પોતાની જઇફ અવસ્થા સુધી મેળવેલી ઉજવળ કીર્તિમા અપકીર્તિનો કાળો ડાઘ વહોરવો પડયો છે, પરંતુ એટલુ જણાવવાની જરૂર રહે છે કે તેમણે તે નુકશાનીઓની નુકશાની થોડે ઘણે અશે પણ દૂર થાય તેના માટે પોતાની જઇફ અવસ્થાની પણ દરકાર ન કરતા તનતોડ મહેનત કરી હતી અને તેમની મહેનતના ફળના પ્રતિબિબરૂપે પ્રભાતકાળના સૂર્યની પેઠે તેના ચિન્હ દેખાવા પણ લાગ્યા હતા પરતુ દુર્ભાગ્ય દેવીનુ કઈ વધુ પ્રાબલ્ય હોવાથી તેમ **કાળજક્ષ** ખાઈ પીને પાછળ પડેલ હોવાથી તેઓ મરણને શરણ થતા તેમની ઉદાત્ત ઇચ્છાનો પણ સાથે અત આવ્યો તે નુકશાન કેવળ તેમની વેપારી બુદ્ધિને આભારી નહોતું પરતુ તે તેમના પ્રતિ **દુર્ભાગ્યદેવી**ની અદ્ભુત ચમત્કૃતિ હતી તે તેમના થોડા સબધમા આવેલ હરકોઇ જાણી શકયુ હશે. ગુલાબને જેમ કાટા હોય છે તેમ સજ્જન પુરૂષોના સબધમા પણ વિઘ્નસંતોષીના કાટા હોય છે પરતુ ગુલાબ તે આખરે ગુલાબ છે તેમ સજ્જન તે આખરે સજ્જનજ છે. સુખડને કાપો–છેદો–મસળો પરતુ તે પોતાની સુવાસ કદિ ત્યજતી નથી. તેમ જે મોટા પુરૂષો છે તેને ફાવે તેટલા દુખ પડો, પરતુ પ્રાણાતે તે પોતાની મોટાઈ ત્યજતા નથી. વળી **તડકા પાછળ છાંયડો તેમ છાંયડા પાછળ તડકો** અર્થાત્ દુ.ખ પછી સુખ અને સુખ પછી દુ.ખ એમ સુખ દુખના ચક્રો અવાર નવાર મનુષ્યની જીદગીમા આવ્યાંજ કરે છે. શેઠ લલ્લુભાઇને પોતાની સ્થિતિમા ફારફેરો ઘણી વખત અનુભવવા પડ્યા છે. છેક છેવટની વખતે તેમના ઉપર કેસ વિગેરેનુ ભયકર વાદળ આવ્યુ હતું, જેના પરિણામે શેઠને અથાગ દુખ થાય તેમ હતું, પરતુ જે પુણ્યાઈનુ બીજ તેમણે વાવ્યુ હતું તે તેમના ભયંકર દુખનુ વાદળ દૂર કરવામા મદદગાર થયુ અને તેથી કરી છેવટની અવસ્થા તેઓ સમાધિમા ગાળી શકયા. ખરેખર કુતરાને રોટલાનો કટકો નાખવાથી તે ધણીનુ હરામ નથી કરતો તો પછી હજારો આદમીની બળતી ઠારેલી આતરડીઓના આશીર્વાદો તેમનુ દુઃખ દૂર કરવામા વિજય મેળવે તો તેમા શુ આશ્ચર્ય છે !

શેઠ લલ્લુભાઇની સાથે જેમને પરિચય થયો હશે, જે તેમના સબધમાં આવ્યુ હશે તેમણે તેમના જીગરની જાણુ થયા વિના નહિ રહી હશે ' કર્ણોપકર્ણન્યાયોપચારથી, અગર રૂઢીઆમાં પ્રાય: કરી ગાડરીઆ પ્રવાહના પ્રાધાન્યથી કેટલાક બધુઓને તેમના પ્રતિ કંઇક વિરૂદ્ધ વિચારો બંધાયા હશે, પરતુ જેઓ દીર્ઘદર્શી હશે યાતો જેઓ શેઠના ધાડા પરિચયમા આવ્યા હશે તેઓ તેમની કસોટી કર્યા વિના રહ્યા નહિ હશે તેમને તેમના દયાળુ અને ઉમદા અત.કરણુની ખાત્રી થઇ હશે, એમ અમારૂ માનવુ છે. છેવટ તેમના કરેલા પરમાર્થના કાર્યો, વાવેલા પરોપકારના બીજો, અને દાનવૃત્તિથી કરેલા દયાના કામો તેમના અમર આત્માને ઉચ્ચ ગતિમા મુકવાને સહાયકારી થાઓ, અને તેમનો ઉમદા આત્મા Noble soul અખડ શાતિમા રહો અને તેમના કુટુંબને દિલાસો મળો એવી સાસન દેવતા પ્રત્યે અભ્યર્થના કરી તેમના આ સક્ષિપ્ત જીવનની પૂર્ણાહુતિ કરૂ છુ

ॐ श्री गुरु.

જૈન કોમમાં પ્રિયતા અને બહોળો ફેલાવો પામેલું માસિક

બુદ્ધિપ્રભા.

(ધાર્મિક–સામાજીક–સાહિત્ય–નૈતિક વિષયોને ચર્ચતું માસિક).

અત્યારે આપણા આર્યાવર્તમા શસ્ત્રયુદ્ધનો જમાનો વહી ગયો છે અને વાગ્યુદ્ધના જમાનાએ તેની જગ્યાએ તેનું સ્થાન સપાદન કર્યું છે. તેવા સમયમા વર્તમાન પત્રો–માસિકો–અઠવાડિકો વિગેરે વાગ્યુદ્ધના રણાગણના સુભટોની પ્રવૃત્તિએ એકી અવાજે પ્રશસનીય, સત્કારનીય અને આદરનીય ગણી શકાશે એમ કહેવું એ કોઈ પણ રીતે અયોગ્ય નહિ કહી શકાશે.

જ્યારે પાશ્ચિમાત્ય પ્રજાના આવા વાગ્ સુભટોના સૂર્યનો મધ્યાહ્નકાળ છે ત્યારે આ આર્યાવર્તમા તો હજુ તેનો પ્રાત કાળ શરૂ થાય છે એમ કહીએ તો તે કોઇ પણ અયુક્ત નથી, કારણ કે યુરોપ જેવા દેશોમા વર્તમાનપત્રો, અઠવાડિકો સહસ્ત્રો બલ્કે સખ્યામા હયાતી ધરાવે છે અને દરેક વર્તમાન પત્રોની, માસિકોની અને અઠવાડિકો કોપીઓ દરવખત નીકળે છે કે જેના ગાડેગાડા ભરી સોર્ટીગ ઑફીસે મોકલ ત્યારે આપણા હતભાગ્ય ઇંડિયામા જોઇશુ તો ભાગ્યેજ કોઈ ... મા ઉચ્ચ ... માનપત્ર કે માસિક કે અઠવાડિક આશરે દશેક હજાર જેટલી સ... ... કરતુ હોય. કદાચ ... હશે તો તે પણ સમુદ્રમાં બિન્દુમાત્ર.

હવે આપણે વિચારીએ કે યુરોપી પ્રજામા કેમ લાખોની સખ્યામા વર્તમાનપત્રો ...ળે છે અને તેના વરસાદના ફોરાની પેઠે ગ્રાહકોની સખ્યામા વૃદ્ધિ થાય છે - આપણે ત્યા તે બાબતની બીલકુલ મદ પ્રવૃત્તિ છે–તેમના હિસાબમાં સેકડે બે ટકા પ... પ્રવૃત્તિ જોવામા આવતી નથી તેનુ કારણ વિચારીએ.

તેનુ કારણ એટલુંજ કે વર્તમાનપત્રો વિગેરેની તેઓ કીમત જાણે છે–**પેપરને તેઓ દોલત ગણે છે.** એક હલકામા હલકો ઝાડુ વાળનાર પણ પેપર વાચવાનો શોખીન હોય ... અને તેના હાથમા પણ પેપર તો હોય ને હોયજ. આનુ કારણ એટલુજ કે તેમાથી તેમ... જોઈતો ખોરાક મળે છે અને તેમાથી જોઈતો લાભ સપાદન કરે છે. તેમ તેજ તેમને ગમતનુ સાધન પણ છે આપણે તેની કીમત આકવામા પછાત છીએ. પ્રવૃત્તિમા ઘણા મ... છીએ અને તેથી કરી આપણા આર્યાવર્તના હતભાગ્યે તેની પ્રવૃત્તિ આપણામા ઘણીજ મદ છે

હવે પેપરો શી રીતે કીમતી છે તેનો ખ્યાલ આપવો આ સ્થળે અપ્રસગનીય નહિ ગણી શકાય.

ચાટલામા જોવાથી જેમ મુખાકૃતિનો સપૂર્ણ ભાસ થાય છે તેની રીતે વર્તમાન, વ્યા... ..., ઉદ્યોગ, હુન્નકળા, નવીન શોધો, રાષ્ટ્રીય જ્ઞાન, નવીન વિચારોનુ વાતાવરણ, રીતરિવાજો ...ક્તિગત અને સામાજીક ઉન્નતિ અર્થે થતી ચવવળો ઇત્યાદિનુ વર્તમાનપત્ર વિગેરે ... ...ાન થાય છે. આ સિવાય પણ પ્રત્યેક વ્યક્તિની શારીરિક, માનસિક અને આધ્યાત્મિક ...ક્તિઓનુ તેથી કરી ઘણીજ સારી રીતે પરિસ્ફુટન થાય છે અને મનુષ્યોના શુદ્ધ આદોલ... ...ારવામા પત્રોનુજ આધિપત્યપણું છે.

આવી રીતે વર્તમાનપત્રોએ બોલ્યાચાલ્યા વિનાના મુંગાપત્ર-પ્રાણીઓ જનસમાજ ઉપર અથાગ ઉપકારની ધારા વરસાવે છે છતાં અમારા સ્વદેશી બંધુઓ પુરતા પ્રમાણમા લાભ લેવા પણ ભાગ્યશાળી થતા નથી. એ ભારતના હતભાગ્યની વાત છે.

યૂરોપી પ્રજામા જમાનાનુસાર જે કાંઈ વેપારની કે રાષ્ટ્રીય ચળવળ થાય છે તે સઘળાં પત્રો પર ધોરણ બાંધીને થાય છે ત્યારે અમારો ભારતવર્ષનો વ્યાપારી સમાજ ભાગ્યેજ કોઈ વર્તમાનપત્ર વિગેરે ઉપરથી ગણત્રી કરી વ્યાપાર ઇત્યાદિની પ્રવૃત્તિ કરે છે અને તેથીજ કરીને વખતે હજારોની થાપ ખાય છે યા વખતે હજારો મેળવે છે પરતુ તે પ્રવૃત્તિ તેથી કરી સદાપ્રાય: થાય છે. અમારા ભારતવર્ષીય બંધુઓ, વર્તમાનપત્રો, માસિકોની કીંમત કરતા થશે અને તેથી પ્રાપ્ત થતા લાભો મેળવશે એવુ ઇચ્છી પત્ર પ્રશસ્તિની પૂર્ણાહુતિ કરી બુદ્ધિપ્રભા સબંધી વાચક વર્ગનુ લક્ષ્ય ખેચું છુ.

આ બુદ્ધિપ્રભા આજસુધી તટસ્થપણે કોમસેવા, દેશસેવા બજાવતું રહ્યુ છે. કોઇ પણ ...ના ગાલીપ્રદાન કે નિંદા કુથલી કે ટીકાને તેણે આજસુધી જન્મ આપ્યો નથી તેણે ...પણે તેના સપ્તમ વર્ષમા અધિવેશન કર્યુ છે જૈન કોમમા કેળવાયલો વર્ગ કમી છે ...આપણી સમાજને જાગૃત કરવા તેને નિદ્રાધિન પ્રાય જેવી સ્થિતિમાથી જગાડવા ...કર્ણપુટમા ઉન્નતિનો મહામંત્ર ફુકવા આપણામા ઘણા પત્રો, માસિકો અને અઠવા... ...છે સદ્વિચારોની અસરો જનસમાજમા સજીવન કરવા, લોકમત કેળવવામા ...યના ... ...ર્ગે તેને પોષણ આપવાને અને કોમના પુનરે...

...વાને માટે પ્રથમ કોમના દરેક સદ્દગૃહસ્થોની ફરજ છે ... ...પત્રો ... ધર્મસેવા, કોમસેવા, દેશસેવા મુગે મ્હોડે બજાવે છે તેને ઉત્તેજન આપવુ ...

આ બુદ્ધિપ્રભાએ પોતાના છ વર્ષમા પોતાથી બનતી સેવા બજાવી છે અને આ વર્ષમા તે કોઇ અવનવીજ રીતે પોતાની પ્રતિભા વિસ્તારવા પયત્નશીલ થઈ રહ્યુ છે. તેના માટે વધુ બોલવા કરતા અમારા વાચકવૃંદ સ્વયં તેની તુલના કરશે.

વળી તે આપણી એક પારમાર્થીક બોર્ડીંગ જેવી મહત્ સસ્થાને હિતાર્થે પ્રસિદ્ધ થાય છે. અન્ય માસિકોના પ્રમાણમા તેમજ માસિકનુ કદ અને તેમા વપરાતા કાગળો, સુદર છપાઈ, પુઠા વિગેરે છતા તેનું લવાજમ ઘણુંજ જુજ એટલે ફક્ત રૂ. ૧-૦-૦ રાખવામા આવ્યુ છે (ટપાલ ખર્ચ સાથે રૂ. ૧-૪-૦). આ ઉપરથી અમારા દરેક બધુઓ જોઈ શકશે કે તેણે આર્થિક દૃષ્ટિ ઉપર પોતાનુ લક્ષ્યબિન્દુ ન ઢોળતા તેણે કેવળ કોમની ઉન્નતિનીજ પ્રગતિ પરજ લક્ષ્ય આપ્યુ છે. તેનો દરેક બધુઓએ લાભ લેવો જોઇએ, અને તેને ઘેરેઘેર વચાવવુ જોઇએ કારણકે તેથી કરી સ્વાર્થની સાથે પરમાર્થ સાધવાની અમુલ્ય તક છે. બાર મહિને એક રૂપીઓ તો અમારા જૈન બધુઓ ચટણીની માફક વાપરતા હશે તો આવા એક કોમની મુગે મોઢે સેવા બજાવતા પત્રને પોષણ આપવા નિમિત્તે અમારા જૈન બધુઓ એક રૂપીઓ ખર્ચી ગ્રાહક થશે અને તેથી કરી બોર્ડીંગની અભિવૃદ્ધિના કારણભૂત થઇ ...ની સુકૃત કમાઇનો સદ્ઉપયોગ કરશે એવુ ઇચ્છી વિરમુ છુ.

શંકરલાલ ડી. કાપડીઆ.
વ્યવસ્થાપક, બુદ્ધિપ્રભા.